


ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે


# ભાષાદીપ

## ધોરણ - 3



# ભાષાદીપ

## ધોરણ – ૩

## (સ્વ-અધ્યયનપોથી)

## વર્ષ : ૨૦૧૯-૨૦

વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

ગામ / શહેર : ____________________

તાલુકો : ____________ જિલ્લો : ____________

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

## : માર્ગદર્શક :

**ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા**

નિવૃત્ત અધ્યક્ષ અને ડીન

શિક્ષણશાસ્ત્ર ભવન

સરદાર પટેલ વિશ્વવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર

**ડૉ. હરેશ ચૌધરી**

જીસીઈઆરટી, ગાંધીનગર

**ડૉ. ઋતા એ. પરમાર**

રિસર્ચ એસોસિએટ

જીસીઈઆરટી, ગાંધીનગર

## : લેખન – સંપાદન :

**ડૉ. જે. બી. જોષી**

**ડૉ. સંજય તલસાણિયા**

**સોનલ ચૌહાણ**

**રમેશભાઈ પરમાર**

**રાજાભાઈ એસ. કાગ**

**પૂજા જી. જોષી**

**હિતેષ વી. નાયક**

## : નિર્માણ :

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર**

## : મુદ્રણ :

**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

**શિક્ષકો માટે ...**

પ્રાથમિક શાળાનાં બાળકો ભાષાશિક્ષણની પાયાની અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે તે ખૂબ જરૂરી છે. સાથેસાથે ભાષાનું અર્થગ્રહણ કરીને ભાષાને માણે. ભાષાશિક્ષણમાં અર્થગ્રહણ એ સૌથી પ્રથમ આવે ત્યારબાદ શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યો આવે. કોઈપણ ભાષા શીખવાની શરૂઆત શ્રવણ અને કથનથી થાય છે, પરંતુ તેમાં જો અર્થગ્રહણ ન થાય તો કંઈ કામનું નહિ. ત્યારબાદ વિદ્યાર્થી જો વાચન કૌશલ્ય સારી રીતે હસ્તગત કરે તો તે કોઈ પણ બાબત સારી રીતે શીખી શકે છે, ગ્રહણ કરી શકે છે. વિદ્યાર્થીઓની વાચન અને અર્થગ્રહણ ક્ષમતા સારી હોય તો તેની અન્ય વિષયોની સિદ્ધિમાં પણ ખૂબ સારી અસર પડે છે. બાળકો માટે વાચનક્ષમતા નવી સૃષ્ટિ અને તકનાં દ્વાર ખોલી આપે છે. વાચનની સાથે સાથે તેમાં રહેલા ગર્ભિત અર્થને સમજવો પણ ખૂબ જરૂરી છે. તો જ વાચનનો યોગ્ય લાભ મળે. સાથેસાથે બાળકની અભિવ્યક્તિ, પ્રત્યાયન, તાર્કિક ચિંતન, અર્થગ્રહણ અને વ્યવહારિક ઉપયોજન એ બાબતો મુખ્ય છે. બાળકને અભિવ્યક્તિનો, પ્રત્યાયનનો તેમજ તાર્કિક ચિંતનનો મહાવરો આપવામાં આવે તો જ તેનો ભાષાવિકાસ થઈ શકે.

શિક્ષણના કોઈપણ સ્તરે વિદ્યાર્થીઓના વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ એ ખૂબ મહત્ત્વની બાબત છે. વાચન અને અર્થગ્રહણ એ પ્રતીકો સાથે વિચારોને સાંકળતી એક સંકુલ પ્રક્રિયા છે, જે વ્યક્તિ માટે જ્ઞાનપ્રાપ્તિનો એક અનિવાર્ય સ્રોત છે. રોજિંદા વ્યવહારમાં પણ વાચન અને અર્થગ્રહણ વિના ચાલી શકતું નથી.

આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓમાં વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ થાય તે માટે વાચન અભિયાન શરૂ કરેલ છે. વિદ્યાર્થીની ભાષાને બલવત્તર બનાવવાના હેતુથી આ પ્રવૃત્તિસંપુટની રચના કરવામાં આવેલ છે, જેમાં વિદ્યાર્થી માટે આનંદ ઉપજાવે એવી શબ્દરમત પ્રકારની પ્રવૃત્તિઓ છે. અહીં ભાષાની સાથે ગણિત, પર્યાવરણની પ્રવૃત્તિઓનો સમાવેશ કરીને અન્ય વિષયનો ભાષા સાથે અનુબંધનો પ્રયાસ કરવામાં આવેલ છે. આ પ્રવૃત્તિસંપુટમાં એવી પ્રવૃત્તિઓ આપવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓને જૂથ-જોડી કે સમૂહમાં કરાવવામાં આવે તો સહજ રીતે જ બાળકની ભાષાના વિકાસનું માધ્યમ બની રહે. ભાષાના અને શિક્ષણના નિષ્ણાતો તથા પ્રાથમિક શિક્ષણ સાથે વિદ્યાકીય નાતો ધરાવતા અધ્યાપકો, શિક્ષકો દ્વારા અનુભવને આધારે પ્રવૃત્તિઓની રચના કરવામાં આવેલ છે.

વાચન અભિયાન અંતર્ગત સપ્ટેમ્બર-ઑકટોબર માસમાં વિદ્યાર્થીઓને શ્રવણ-કથનનો પૂરતો મહાવરો મળી રહે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ આપે વર્ગખંડમાં કરાવી હશે.

વિદ્યાર્થીઓ વિવિધ પરિસ્થિતિમાં જેટલું વધારે શ્રવણ અને કથન કરે તેટલો તેમનું શબ્દભંડોળ વધે. या भाष्यते सा भाषा । તેથી ભાષાવિકાસ માટે સૌ પ્રથમ મૌખિક વાર્તાલાપ, ચર્ચા, સંવાદ જેવી પ્રવૃત્તિઓ વર્ગખંડમાં થવી જરૂરી છે.

**ભાષાદીપ સંપુટોમાં -**

- ભાષાસમૃદ્ધિની કુલ 20 અઠવાડિયાંની પ્રવૃત્તિઓ આપેલી છે જેમાં અંદાજે 150 થી 190 જેટલી પ્રવૃત્તિઓ છે. દરેક અઠવાડિયા માટે સાત થી દસ પ્રવૃત્તિઓ આપેલી છે. આ પ્રવૃત્તિઓમાં ગુજરાતી, ગણિત, પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે. એટલે કે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી. પરંતુ તમામ વિષયોમાં ભાષા-વ્યવહાર અનિવાર્ય છે જ, તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આથી ગુજરાતી ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.
- આ પ્રવૃત્તિમાં કેટલીક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ પાઠયપુસ્તક બહારની અને કેટલીક પાઠયપુસ્તકના વિષયવસ્તુ સાથે સંબંધિત છે. પરંતુ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે અહીં પાઠયપુસ્તકનું વિષયવસ્તુ ગૌણ પણ તેનું અર્થગ્રહણ મહત્ત્વનું છે. તેથી કોઈપણ બિંદુનું અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય, તે માટેની પ્રવૃત્તિની રચના કેવી હોવી જોઈએ તે દરેક શિક્ષકે ધ્યાનમાં લેવાનું છે, તેવી પ્રવૃત્તિની રચના કરતાં શીખવાનું ધ્યેય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓના અનુભવો દ્વારા અર્થગ્રહણની તક વિદ્યાર્થીઓને પૂરી પાડવાની છે.
- પ્રસ્તુત સંપુટોમાં કલ્પનાપ્રેરક, શબ્દરમત, શબ્દસર્જન, વિષયવર્ણન, શબ્દનિર્માણ, વાકયનિર્માણ, સર્જનાત્મક, અનુમાનપ્રેરક, વાતચીત, વિરુદ્ધાર્થી શબ્દ, સમાનાર્થી શબ્દ, મને ઓળખો, લિંગ અને કાળથી માંડીને વાકયપૂર્તિ, ચિત્રવર્ણન અને સ્વતંત્ર લેખનનો સમાવેશ કરતી પ્રવૃત્તિઓ બાળકને કરાવવાની થાય છે. સંપુટોમાં આપેલ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને પદ્ધતિસર કરાવવામાં આવે તો તેની કક્ષા પ્રમાણે વિદ્યાર્થીની ભાષા અંગેની અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ થઈ શકશે.

**આ પ્રવૃત્તિઓની સમગ્રતાલક્ષી અસરો કેવી હશે?**

- **વિદ્યાર્થીઓને**
  - મુકત વાતાવરણ મળશે.
  - અનૌપચારિક ભાષાપ્રયોગ કરવાનો મોકો મળશે.
  - શરમ-સંકોચ દૂર થશે, બોલકણાં થશે.
  - અનેક મુદ્દાઓ પર વિચાર/લાગણી વ્યકત કરશે.
  - પાઠયપુસ્તકના વિષયવસ્તુનું દર્ઢીકરણ થશે.
  - વિષયોની સીમા તૂટશે-જ્ઞાનનું એકીકરણ થશે.
  - સહભાગી-અધ્યયન થશે-ભૂલો માટે શરમાવું નહીં પડે.
  - વર્ગમાં સમાજીકરણ થશે, અનેક વ્યક્તિત્વોનો પરિચય થશે.
  - શબ્દભંડોળ, વાકયરચના વૈવિધ્યમાં વધારો થશે.
  - મગજમાં અનેક ખ્યાલોની પુનઃરચના થશે.
  - નવા (Schema) સમજકોશ રચાશે.
  - લેખન અને જાહેરઅભિવ્યક્તિ સરળ બનશે.
  - કોઈપણ વિષય શીખવાનું સરળ બનશે.
- **શિક્ષકોને**
  - અનેક અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિનો પરિચય થશે.
  - વિદ્યાર્થીઓની વ્યક્તિ તરીકે ઓળખ મળશે.
  - વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓનાં દર્શન થશે.
  - વર્ગ સમરસ, અનુશાસિત બનશે.
  - વર્ગમાં વિષયશિક્ષણ વખતે વધારે સહભાગિતા થશે.
  - વિષયોનો અનુબંધ સ્થાપિત થશે.
  - અધ્યાપન સરળ બનશે.
  - ભાષાનું પ્રભુત્વ કેટલું મહત્ત્વનું છે કે સમજાશે.

**આ તમામ પ્રવૃત્તિઓ કરતી વખતે શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે :**

૧. ભાષા એટલે શું તથા બાળક ભાષા કેવી રીતે શીખે છે તેની સમજ બરાબર પ્રાપ્ત કરવી.

૨. ભાષાશિક્ષણમાં વિદ્યાર્થીઓને સૌ પ્રથમ શ્રવણ અને કથનનો મહાવરો મળે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ કરાવવી, કારણ કે સાંભળવું અને બોલવું એ સહજ, પ્રાકૃતિક સ્થિતિ છે.

૩. દરેક પ્રવૃત્તિનો પ્રકાર આપેલો છે, એટલે પ્રવૃત્તિ જોડી / જૂથ / સમૂહ/વ્યક્તિગત જે પણ પ્રકારે કરવાની સૂચના આપેલી હોય તે પ્રકારે જ કરાવવી. મોટાભાગની પ્રવૃત્તિ જોડી અને જૂથમાં કરાવવાની છે, કારણ કે જોડીમાં કે જૂથમાં કામ કરવાથી વિદ્યાર્થીને એકબીજા સાથે ચર્ચા કરવાની તક મળે છે, આત્મવિશ્વાસ વધે છે. જોડીમાં કે જૂથમાં પ્રવૃત્તિ કરેલી હોવાથી ખોટું પડવાની બીક રહેતી નથી. એકબીજાના વિચારો, વિચારણાની પેટર્ન જાણવા મળે છે. મૌખિક ભાષા-વ્યવહાર બે કે બેથી વધુ વ્યક્તિઓ વચ્ચે જ સંભવ છે. આથી આપેલી સૂચના પ્રમાણે જ કામ થાય તે ખાસ જોવું.

૪. વિદ્યાર્થીઓ ભાષાનું અર્જન(કુદરતી રીતે પ્રાપ્ત કરવું) કરી શકે તે માટે વર્ગખંડમાં સહજ, સ્વાભાવિક પરિસ્થિતિ નિર્માણ કરવી. આ માટે પ્રવૃત્તિઓના વિષયો પણ રોજબરોજના વાસ્તવિક જીવનમાં અનુભવાતી પરિસ્થિતિ કે ઘટના કે પ્રસંગો આધારિત છે.

૫. આ તમામ પ્રવૃત્તિ કરાવતી વખતે મુખ્ય લક્ષ્ય બાળકોને મજા પડે તે છે. તેથી તમામ પ્રવૃત્તિ આનંદદાયી, સહજ વાતાવરણમાં અને મુક્ત રીતે થાય તે બાબત શિક્ષકે ખાસ ધ્યાન રાખવું આ પ્રકારનું વાતાવરણ પોતાના વર્ગખંડમાં રચવું.

૬. પ્રવૃત્તિ રસપ્રદ બની રહે તથા આનંદપૂર્વક કરવાનું મન થાય તે માટે અહીં વાતચીત, સંવાદ, રમતો, સ્થળ મુલાકાત, ચિત્ર, ઓડિયો, વીડિયો, રેસ્ટોરાં, મોબાઈલ જેવી બાબતો આધારિત પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે.

૭. આ તમામ પ્રવૃત્તિઓમાં તમામ વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે, એટલે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી, પરંતુ તમામ વિષયોમાં ભાષા વ્યવહાર થઈ શકે તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આ ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.

૮. દરેક ધોરણમાં એવા પ્રકારની પ્રવૃત્તિઓ આપવામાં આવેલી છે કે જેમાં વિદ્યાર્થીઓને બેઠા-સીધા જવાબ ન મળે પણ તેઓએ મનોયત્ન કરવો પડે, એટલે કે વિચારવું પડે, ચર્ચા કરવી પડે, મથવું પડે, પડકાર ઝીલવો પડે.

૯. દરેક પ્રવૃત્તિ માટે અંદાજિત સમય શિક્ષકશ્રીએ નક્કી કરવાનો છે. કોઈક વખત કોઈક પ્રવૃત્તિમાં બાળકો મશગૂલ બની ગયાં હોય અને તેમને ખૂબ મજા પડતી હોય તો તે પ્રવૃત્તિ ત્યાં જ અટકાવી દેવાને બદલે થોડા સમય માટે લંબાવી શકાય.

૧૦. મોટાભાગની પ્રવૃત્તિઓ શિક્ષકની મદદથી વિદ્યાર્થીઓને કરાવવાની રહેશે. શિક્ષકની ભૂમિકા ફેસિલિટેટર તરીકેની રહેશે. દરેક પ્રવૃત્તિ વખતે શિક્ષકે વર્ગમાં ફરતા રહીને જોડી/જૂથમાં જઈને બાળકોની ચર્ચા સાંભળવી. બાળકો વિષય પર જ બરાબર ચર્ચા કરે છે કે કેમ, આપેલી પ્રવૃત્તિ બરાબર કરે છે કે કેમ, તે જોવું અને જરૂર પડે ત્યાં માર્ગદર્શન કરવું.

૧૧. જૂથમાં તમામ સ્તરના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય તે પ્રકારે જૂથની રચના કરવી. જોડીમાં કામ કરવાનું હોય તો પણ એક ઉત્તમ અને એક મધ્યમ, મધ્યમ અને પ્રિય, ઉત્તમ અને પ્રિય એવી રીતે રચના કરવી. એક અઠવાડિયા બાદ જૂથ કે જોડી બદલવી. ત્યાં સુધી એક જ રાખવી.

૧૨. પ્રવૃત્તિ પૂરી થયા પછી સમય મુજબ બે કે ત્રણ જૂથ કે જોડી પાસે તેનો સારાંશ કે અહેવાલ વર્ગ સમક્ષ રજૂ કરાવવો. એવી રીતે દરેક પ્રવૃત્તિ વખતે અલગ અલગ જૂથ કે જોડી પાસે રજૂ કરાવવું. શિક્ષકે સાથેસાથે 'પ્રવૃત્તિ કરવાની મજા પડી, કેવી રીતે તમે કાર્ય કર્યું, શી મુશ્કેલી પડી, શું જાણવા મળ્યું' જેવા પ્રશ્નો દ્વારા પ્રવૃત્તિના ઊંડાણમાં જઈને, ભાષાના ઘટકો, ભાષાની ચમત્કૃતિ, સર્જનાત્મકતા વગેરેની પણ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

૧૩. અઠવાડિયામાં કોઈપણ સાત પ્રવૃત્તિ ફરજિયાત કરાવવી, અન્ય પ્રવૃત્તિઓ સમય મુજબ કરાવી શકાય. અઠવાડિયા માટે આપેલી પ્રવૃત્તિમાંથી તમે કોઈપણ પ્રવૃત્તિ પ્રથમ કરાવી શકો, એટલે કે અઠવાડિયાની અંદરની પ્રવૃત્તિનો ક્રમ અનુસરવો જરૂરી નથી, પણ દરેક અઠવાડિયાનો ક્રમ અનુસરવાનો. એટલે કે પ્રથમથી લઈને વીસ અઠવાડિયાના ક્રમ મુજબ જ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રસ્તુત સંપુટ વિદ્યાર્થીઓને ભાષા અને તે થકી અન્ય વિષય શીખવામાં મદદરૂપ બની રહે તેવી અભ્યર્થના! અધ્યયન-અધ્યાપનના આ નવાં સોપાન પર સૌનું સ્વાગત છે.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧. | પહેલું અઠવાડિયું | ૦૧ |
| ૨. | બીજું અઠવાડિયું | ૦૫ |
| ૩. | ત્રીજું અઠવાડિયું | ૦૮ |
| ૪ | ચોથું અઠવાડિયું | ૧૨ |
| ૫. | પાંચમું અઠવાડિયું | ૧૫ |
| ૬. | છઠ્ઠું અઠવાડિયું | ૧૮ |
| ૭. | સાતમું અઠવાડિયું | ૨૨ |
| ૮. | આઠમું અઠવાડિયું | ૨૬ |
| ૯. | નવમું અઠવાડિયું | ૩૦ |
| ૧૦. | દસમું અઠવાડિયું | ૩૪ |
| ૧૧. | અગિયારમું અઠવાડિયું | ૩૭ |
| ૧૨. | બારમું અઠવાડિયું | ૪૧ |
| ૧૩. | તેરમું અઠવાડિયું | ૪૪ |
| ૧૪. | ચૌદમું અઠવાડિયું | ૪૮ |
| ૧૫. | પંદરમું અઠવાડિયું | ૫૨ |
| ૧૬. | સોળમું અઠવાડિયું | ૫૬ |
| ૧૭. | સત્તરમું અઠવાડિયું | ૬૦ |
| ૧૮. | અઢારમું અઠવાડિયું | ૬૪ |
| ૧૯. | ઓગણીસમું અઠવાડિયું | ૬૮ |
| ૨૦. | વીસમું અઠવાડિયું | ૭૨ |

## પહેલું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : હું મોર હોઉં તો ?** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|---|

- ચાર કે પાંચના જૂથમાં વાતચીત કરીને નક્કી કરો કે તમે 'મોર' હો તો શું-શું કરો.
- ત્યારબાદ જૂથમાંથી એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરશે.

| ૨ | **પ્રવૃત્તિ : ખૂટતા અક્ષર મૂકો** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- વાક્યમાં ખૂટતો અક્ષર લખો. (માં, ને, માંથી, એ)

(૧) ઘડો માટી_______બને છે.

(૨) હું ગાંધીનગર_______રહું છું.


(૩) બતક એનાં બચ્ચાં_______વાવ પાસે લઈ ગઈ.

(૪) બતકે બચ્ચાંને કહ્યું, "ચાલ, નદી_______નાહીએ"?

(૫) બતકનાં બચ્ચાં નદી_______તરવા લાગ્યાં.

| ૩ | **પ્રવૃત્તિ : રંગોળી પેટર્ન** | **તા.** | **વ્યક્તિગત કાર્ય** |
|---|---|---|---|

- સૂચના મુજબ ટપકાંઓનો ઉપયોગ કરી રંગોળી બનાવો.
- ચારેય ખૂણા પર રહેલાં ચાર-ચાર ટપકાં જોડી ચોરસ બનાવો. (એક ચોરસ બનાવી આપવો.)



- દરેક ખૂણા પરના ચોરસ સાથે ત્રિકોણ જોડાય એ રીતે ટપકાં જોડો. (એક ત્રિકોણ બનાવી આપવો.)
- ઉપર-નીચે તથા ડાબી-જમણી બાજુએ ટપકાં જોડી કમાન આકાર બનાવો. (એક કમાન આકાર બનાવી આપવો.)
- હવે ગણતરી કરીને ખાલી જગ્યા પૂરો.

આ આકૃતિમાં_______ચોરસ,_______ત્રિકોણ અને_______કમાન છે.


- આકૃતિઓમાં રંગ પૂરો. તે રંગનાં નામ લખો.
- ચોરસમાં_______, ત્રિકોણમાં _______અને કમાનમાં_______રંગ પૂરેલા છે.

| ૪ | **પ્રવૃત્તિ : મને શું ગમે ?** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. તમને શું ગમે છે, પતંગ ચગાવવી કે પતંગ લૂંટવી?
- બંને કોઈ એક-એકની પસંદગી કરો.
- તમને તે કેમ પસંદ છે તે અંગે સાથી મિત્રને કહો.

| ૫ | **પ્રવૃત્તિ : જાન્યુઆરી, ફેબ્રુઆરી...** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- ખૂટતા મહિનાનાં નામ લખો. (અંગ્રેજી વર્ષ)



| ૬ | **પ્રવૃત્તિ : પશુ અને પક્ષીનો ભેદ** | **તા.** | વ્યક્તિગત કાર્ય |
|---|---|---|---|

- પક્ષીઓનાં નામ વર્તુળમાં અને પ્રાણીઓનાં નામ ચોરસમાં લખો.

(મોર, બળદ, ગાય, સસલું, કોયલ, બકરી, ચકલી, હરણ, કાબર, બતક, કાગડો, કૂતરો, તેતર, બિલાડી, હોલો, સાબર, મેના, ઢેલ, ઊંટ, ઘોડો, ભેંસ, ઘેટું, ચીબરી, સમડી, ગીધ, વાંદરો, હાથી, ગધેડો, દરજીડો, બુલબુલ)

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

| ૭ | **પ્રવૃત્તિ : પાણી રે પાણી... તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડીમાં એકબીજાને પ્રશ્નો પૂછીને જવાબ મેળવો.

(૧) પાણી ન હોય તો શું અગવડ પડે?

(૨) તમે પાણી બગડતું જોયું હોય તેવાં સ્થળોનાં નામ કહો.

(૩) પાણી બચાવવા માટે શું-શું કરી શકાય?

(૪) લોકો ગામમાં પાણીનો બગાડ કેવી રીતે કરે છે?

(૫) લોકો પાણીનો બગાડ ન કરે તે માટે શું કરવું જોઈએ?

(૬) તમારે થયેલી વાત ટૂંકમાં વર્ગ સમક્ષ કહો.

| ૮ | **પ્રવૃત્તિ : શબ્દરચના તા.** | **વ્યક્તિગત કાર્ય** |
|---|---|---|

- આપેલ કાર્ડનો ઉપયોગ કરી શબ્દો બનાવો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ળો | ના | યા | મે | રો | ઉ | શિ | ખો | પી |

| | |
|---|---|
| (૧) | (૪) |
| (૨) | (૫) |
| (૩) | (૬) |

| ૯ | **પ્રવૃત્તિ : શબ્દશોધ** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. કોઠાની નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો કોઠામાંથી શોધીને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| જ | મી | ધ | વું | દિ |
| ન | સૂ | ર | જ | વ |
| જી | ભ | તી | લે | સ |
| ચાં | દો | માં | ક્ષી | પં |
| પ | રો | ઢિ | યે | ખી |

| | | | |
|---|---|---|---|
| (૧) સવારે : | | (૪) આકાશ : | |
| (૨) પક્ષી : | | (૫) સૂર્ય : | સૂરજ |
| (૩) જમીન : | | (૬) ચંદ્ર : | |

# બીજું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : વાતચીત** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. જોડીનાં બંને બાળકોમાંથી એક બાળક ભાઈ બને અને બીજું બાળક બહેન બને. નીચે આપેલ પરિસ્થિતિમાંથી કોઈપણ એક પરિસ્થિતિ પસંદ કરી સંવાદ કરો.

(અ) ભાઈ બહુ તોફાન કરે છે. બહેન તેને સમજાવે છે.

(બ) નાનો ભાઈ નિશાળે ન જવા માટે જીદ કરે છે. બહેન તેને સમજાવે છે.

| ૨ | **પ્રવૃત્તિ : શબ્દરચના** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- આપેલ કાર્ડનો ઉપયોગ કરી શબ્દો બનાવો.


| | | | | | |
|---|---|---|---|---|---|
| હ | ળ | જા | સિં | સ | વું |

| | |
|---|---|
| (૧) | (૪) |
| (૨) | (૫) |
| (૩) | (૬) |

| ૩ | **પ્રવૃત્તિ : રંગોળી પેટર્ન** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો (એક કુમાર, એક કન્યા – જો સહશિક્ષણ હોય તો)
- નીચેનો ફકરો મીનાક્ષીની જગ્યાએ તમે બોલતા હો એ રીતે બોલો. લીટી દોરેલ શબ્દની જગ્યાએ તમને પોતાને લાગુ પડતો હોય તેવો શબ્દ મૂકો. પછી બંને જણ ચર્ચા કરી સરસ રંગોળી બનાવો.

  o હુંમીનાક્ષી છું. હું તમિલનાડુની વતની છું. મારીઅમ્માલલિતા દરરોજ સવારે રંગોળી બનાવે છે. હું અને મારો ભાઈ વિનીત આજની રંગોળી ટપકાંઓ જોડીને બનાવીશું.



| | | | |
|---|---|---|---|
| ૪ | **પ્રવૃત્તિ : વિચારો અને કહો** | **તા.** | જોડીકાર્ય |

- બે-બેની જોડી બનાવો. જોડીનાં બંને બાળકો ‘પ્રાણી’ વિષય પર આપેલ વિગતના આધારે વાતચીત કરો.
  - o જોયેલાં પ્રાણીઓ.
  - o જોયાં ન હોય પણ નામ આવડતાં હોય તે પ્રાણીઓ.
  - o પ્રાણીઓના દેખાવ, ખોરાક અને રહેઠાણ.
  - o તમે કોઈ પ્રાણી હોવ તો શું કરો?
  - o તમને કયું પ્રાણી થવું ગમે?

| | | | |
|---|---|---|---|
| ૫ | **પ્રવૃત્તિ : મારો મિત્ર** | **તા.** | જોડીકાર્ય |

- નજીકનો મિત્ર શોધો.

(૧) મારું નામ હાથી છે, મારી મિત્ર છે. (સૂંઢ, કલગી)

(૨) મારું નામ પોપટ છે, મારો મિત્ર છે. (મરચું, કારેલું)

(૩) મારું નામ થાળી છે, મારી મિત્ર છે. (વાટકી, તપેલી)

(૪) મારું નામ દિવાળી છે, મારા મિત્ર છે. (ફટાકડા, રમકડાં)

(૫) મારું નામ હાથ છે, મારી મિત્ર છે. (બંગડી, ઝાંઝર)

| | | | |
|---|---|---|---|
| ૬ | **પ્રવૃત્તિ : અલગ તારવો** | **તા.** | જોડીકાર્ય |

- બીજાથી અલગ હોય તેના પર ◯ કરો, તે કઈ રીતે અલગ છે તેની ચર્ચા કરો.
  - o નદી, તળાવ, પર્વત, ઝરણું, સરોવર
  - o માછલી, બતક, વાંદરો, મગર, કાચબો
  - o મોટરગાડી, હોડી, બસ, રેલગાડી, સાઈકલ

| ૭ | **પ્રવૃત્તિ : ધારો અને જવાબ આપો.** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- વર્ગમાં બે જૂથ બનાવો. એક જૂથ કોઈ એક પ્રાણીનું નામ ધારો. બીજા જૂથના સભ્યો કયા પ્રાણીનું નામ ધાર્યું છે, તે જાણવા માટે પ્રશ્નો પૂછી તેના આધારે અનુમાનથી જવાબ આપે. નમૂનાના પ્રશ્નો નીચે મુજબ છે :

(૧) કેટલા અક્ષર છે?
(૨) ક્યાં રહે છે?
(૩) શા કામમાં આવે?
(૪) રંગ કેવો છે?
(૫) કઈ જગ્યાએ વધુ જોવા મળે?
(૬) આકાર કેવો છે?
(૭) કદ કેટલું છે?
(૮) અંદાજિત વજન કેટલું?

| ૮ | **પ્રવૃત્તિ : ઉદાહરણ મુજબ શબ્દો બનાવો.** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. ઉદાહરણ મુજબના શબ્દો લખો. (ઉદાહરણ : ઊડ – ઊડાઊડ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) ધબ | | (૨) કટ | | (૩) ફટ | |
| (૪) ભમ | | (૫) ટક | | (૬) ટન | |

| ૯ | **પ્રવૃત્તિ : વિરુદ્ધાર્થી શબ્દશોધ** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- કૌંસમાંથી આપેલ શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો કોષ્ટકમાંથી શોધી તેની આસપાસ ◯ કરી નીચે લખો.

| | | | | |
|---|---|---|---|---|
| પ | ના | નું | શી | મા |
| શી | કા | જ્ઞા | આ | રું |
| ક્ષ | જી | ૨ | વ | ટી |
| લો | ૨ | ડ્યો | વું | ક |
| ઝા | ઝા | સિં | ગ | ચ |

(૧)મોટું × __________
(૨)થોડા × __________
(૩)હસ્યો × __________
(૪)તારું × __________

| ૧૦ | **પ્રવૃત્તિ : આવું થાય તો...** **તા.** | **વ્યક્તિગત કાર્ય** |
|---|---|---|

- વિચારો અને વિધાન લખીને પૂરું કરો.

૧. મને સો રૂપિયાની નોટ મળે તો ______________________________
૨. જો હું મદારી હોઉં તો ______________________________
૩. મને ઊડતાં આવડે તો ______________________________
૪. જો હું માછલી હોઉં તો ______________________________

૫. જો મને ચંદ્ર પર જવા મળે તો ____________________

## ત્રીજું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : પક્ષી પરિચય** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- ત્રણ-ત્રણનું જૂથ બનાવો. 'પક્ષી' વિષય પર આપેલ મુદ્દાના આધારે વાતચીત કરો.
  - o જોયેલાં પક્ષીઓ
  - o જોયાં ન હોય પણ નામ આવડતાં હોય તે પક્ષીઓ.
  - o પક્ષીઓના દેખાવ, ખોરાક અને રહેઠાણ.
  - o તમે કોઈ પક્ષી હોવ તો શું કરો?
  - o તમને કયું પક્ષી થવું ગમે?


| ૨ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- વિભાગ-૧નાં ઉખાણાંનો સાચો જવાબ વિભાગ-૨માંથી શોધો અને લખો.

| વિભાગ-૧ | વિભાગ-૨ |
|---|---|
| (૧) ગરમી આપું પણ, અંગારો નહિ, કપડાં બને પણ, કપાસ નહિં.: ________ | દૂધ |
| (૨) માથું બાંધેલું ને વાળ છૂટા, રોજ ઊઠીને, ધૂળમાં ચોંટ્યા. : ________ | ઊન |
| (૩) ફાટું છું, પણ કપડું નથી ફાટું ત્યારે અવાજ કરતું નથી. : ______ | સાવરણી |

| ૩ | **પ્રવૃત્તિ : રંગોળી પેટર્ન** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- સૂચના મુજબ ટપકાંઓનો ઉપયોગ કરી રંગોળી બનાવો.



- o દરેક ખૂણા પર ટપકાં જોડી ત્રિકોણ બનાવી તેના પર જ્યોત આકાર બનાવો.
- o બરાબર મધ્યમાં રહેલાં ચાર ટપકાં જોડી ચોરસ બનાવો.
- o દરેક ખૂણા પર બનેલા ત્રિકોણ સાથે ટપકાં જોડી ત્રિકોણ બનાવો.

- o વચ્ચે બનેલા ચોરસ ફરતે ટપકાં જોડી મોટો ચોરસ બનાવો.
- o ડાબી તથા જમણી બાજુ વધેલાં ટપકાંને ઊભાં જોડો.
- o બધા આકારો એક બીજા સાથે જોડાય તે રીતે જોડી સુંદર ભાત (પેટર્ન) તૈયાર કરો. તેમાં રંગ પૂરો.

| ૪ | **પ્રવૃત્તિ : લાકડીનો ઉપયોગ** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|---|

- ચાર કે પાંચના જૂથમાં મળીને શોધી કાઢો કે ‘લાકડી’ વસ્તુના વધુમાં વધુ કેટલા ઉપયોગ થઈ શકે છે. નવા-નવા ઉપયોગો બનાવો પછી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

| ૫ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો** | **તા.** | **વ્યક્તિગત કાર્ય** |
|---|---|---|---|

- ‘વિમાન’, ‘રિક્ષા’ અને ‘હોડી’ જેને વિધાન લાગું પડે તેનું નામ લખો.

  ૧. મારે ત્રણ પૈંડાં છે. : ________

  ૨. હું પાણીમાં ચાલતું વાહન છું. : ________

  ૩. હું આકાશમાં ઊડું છું. : ________

  ૪. મારે પૈડાં નથી. : ________

  ૫. હું સમુદ્રમાં જોવા મળું છું. : ________

  ૬. મને ચલાવનાર પાઈલોટ કહેવાય છે. :________

| ૬ | **પ્રવૃત્તિ : જુદા પાડો** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- આપેલી વસ્તુઓમાં જે વસ્તુ વનસ્પતિમાંથી મળે છે તેની ઉપર ◯ કરો અને જે વસ્તુ પ્રાણીમાંથી મળે છે તેની ઉપર □ કરો.

| | | | |
|---|---|---|---|
| મધ | મરચું | લીંબુ | બોર |
| ઘઉં | ઈંડાં | વરિયાળી | અજમો |
| મેથી | સરગવો | સફરજન | ચામડું |
| ટામેટાં | ડુંગળી | દૂધ | તૂરિયાં |
| માંસ | ગુંદર | આદુ | કારેલાં |

| ૭ | **પ્રવૃત્તિ : ધારો કે...** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- વર્ગમાં બે જૂથ બનાવો. એક જૂથ કોઈ એક ફળનું નામ ધારે. બીજા જૂથના સભ્યો કયા ફળનું નામ ધાર્યું છે, તે જાણવા માટે પ્રશ્નો પૂછી તેના આધારે જવાબ આપે. નમૂનાના પ્રશ્નો નીચે મુજબ છે :

(૧) કેટલા અક્ષર છે?
(૨) ક્યાં જોવા મળે છે?
(૩) રંગ કેવો છે?
(૪) સ્વાદ કેવો છે?
(૫) અંદાજિત કિંમત કેટલી છે?
(૬) આકાર કેવો છે?
(૭) કદ કેટલું છે?
(૮) કેવી રીતે ખાઈ શકાય?

| ૮ | **પ્રવૃત્તિ : જુઓ અને જણાવો.** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- આપેલા ચિત્રના આધારે પ્રશ્નોના જવાબ આપો.




(૧) વર્ષની શરૂઆત કયા મહિનાથી થાય છે?__________.

(૨) ફેબ્રુઆરી માસના દિવસો __________ કે __________ હોય છે.

(૩) ૩૦ દિવસવાળા મહિના કેટલા છે?__________.

(૪) ૩૧ દિવસવાળા મહિના કેટલા છે?__________.

(૫) સૌથી ઓછા દિવસો કયા મહિનામાં છે?__________.

(૬) વર્ષનો છેલ્લો મહિનો કયો છે?__________.

(૭) કયા-કયા બે માસ એકબીજાની બાજુમાં છે અને તેમના દિવસો સરખા છે.

____________, ____________.

____________, ____________.

(૮) ૩૦ દિવસવાળો વર્ષનો સૌથી પહેલો મહિનો કયો છે?____________.

| ૯ | **પ્રવૃત્તિ : શબ્દશોધ** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- કોષ્ટકમાંથી ક્રિયાઓ શોધી તેની ફરતે ◯ **કરી નીચે લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| ક | ૨ | વું | હો | ભ |
| ની | મ | જો | શિ | ણ |
| ખા | વું | પી | કા | વું |
| સા | ઓ | લું | ગા | ગ |
| ક | જી | જા | ટુ | મી |

ઉદા. ભણવું

| | |
|---|---|
| (૧) | (૪) |
| (૨) | (૫) |
| (૩) | (૬) |

## ચોથું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : જો હું પતંગિયું હોઉં તો?** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|---|

- ચાર કે પાંચના જૂથમાં વાતચીત કરીને નક્કી કરો કે તમે 'પતંગિયું' હોવ તો શું-શું કરો. ત્યારબાદ જૂથમાંથી એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરશે.

| ૨ | **પ્રવૃત્તિ : ખૂટતા શબ્દો મૂકો** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- વાક્યમાં ખૂટતો અક્ષર મૂકો. (માંથી, ને, માં, ઉપર, માં)

(૧) દફતર કબાટ ___ મૂકેલ છે.
(૨) ધજા મંદિર ___ ફરકે છે.
(૩) પતંગ આકાશ ___ ઊડે છે.
(૪) ઉંદર દર ___ બહાર આવ્યો.
(૫) સાપ ઉંદર ___ ગળી ગયો.

| ૩ | **પ્રવૃત્તિ : એક મીટરનું દોરડું** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- સમાન અર્થવાળી સૂચનાઓ જોડો. અહીં એક મીટરનું દોરડું બનાવવા માટે વિભાગ-'અ' અને વિભાગ-'અ'માં કેટલીક સૂચનાઓ આપેલી છે. બંને વિભાગની સરખી લાગતી સૂચનાઓનો ક્રમ ઉત્તર વિભાગ-'બ'માં લખો.

| વિભાગ-'અ' | વિભાગ-'બ' |
|---|---|
| (૧) મીટરપટ્ટી અને દોરડાનો ઉપયોગ કરો. | (૧) દોરડા પર ૧૦૦ સેમી આવે તે રીતે ટપકું દર્શાવી ત્યાં ગાંઠ વાળો. |
| (૨) દોરડાના એક છેડે ગાંઠ વાળો. | (૨) તમે વાળેલી પ્રથમ ગાંઠ અને બીજી ગાંઠ વચ્ચેનું કુલ માપ ૧ મીટર છે. આમ તૈયાર થયું એક મીટર લાંબુ દોરડું. |
| (૩) મીટરપટ્ટીને દોરડા સાથે ગોઠવો. | (૩) દોરડાને મીટરપટ્ટીની લગોલગ ગોઠવો. |
| (૪) દોરડા પર ૧ મીટરનું નિશાન કરો અને ત્યાં ગાંઠ વાળો. | (૪) એક મીટરપટ્ટી અને દોરડું લો. |
| (૫) હવે બે ગાંઠ વચ્ચેનુ અંતર ૧ મીટર છે. તમારું આ દોરડું એક મીટર લાંબું છે. | (૫) દોરડાના સાવ છેવાડે ગાંઠ વાળો. |

- ઉત્તર વિભાગ :

| વિભાગ-'અ' | વિભાગ-'બ' |
|---|---|
| (૧) | |
| (૨) | |
| (૩) | |
| (૪) | |
| (૫) | |

| ૪ | **પ્રવૃત્તિ : ખીચડી બનાવો** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- આ પ્રવૃત્તિ કરવાની હોય તેના અગાઉના દિવસે ઘરના સભ્યો જોડે ચર્ચા કરી માહિતી જાણી લાવવી.
- ચાર-ચારનું જૂથ બનાવો. 'ખીચડી' કેવી રીતે બનાવશો? તેનું વર્ણન કરો.

| ૫ | **પ્રવૃત્તિ : શોધો અને લખો** **તા.** | જોડી કાર્ય |
|---|---|---|

- કોષ્ટકમાંથી શબ્દો શોધી તેની ફરતે ◯ કરો અને ખાલી જગ્યા પૂરો.

| | | | | |
|---|---|---|---|---|
| ગુ | લા | બ | સિં | ગ |
| સી | (કે | રી) | તુ | હ |
| ચો | ગા | જી | ડો | ચ |
| ઠા | વી | ય | અ | ક |
| બી | લા | મા | છ | લી |

ઉદા. <u>કેરી</u> ઉનાળાનું ફળ છે.

(૧)_______પાણીમાં તરે છે.

(૨)_______ દૂધ આપે છે.

(૩)_______ જંગલમાં રહે છે.

(૪)_______આકાશમાં ઊડે છે.

(૫)_______ લાલ રંગનું હોય છે.

| ૬ | **પ્રવૃત્તિ : વિચારો અને કહો** **તા.** | વ્યક્તિગત કાર્ય |
|---|---|---|

- વિચારો અને કહો : સેન્ટિમીટર હશે કે મીટરમાં હશે?

(૧) હાથ રૂમાલની લંબાઈ અને પહોળાઈ.

(૨) ૨ વર્ષના બાળકની ઊંચાઈ .

(૩) શેરડીના સાંઠાની ઊંચાઈ .

(૪) વર્ગખંડના બારણાની ઊંચાઈ.

(૫) શાળાના ઓરડાની દીવાલની ઊંચાઈ .

(૬) તમારા હાથની લંબાઈ .

(૭) તમારા ગણિતના પાઠ્યપુસ્તકની લંબાઈ અને પહોળાઈ.

(૮) શાળાના એક પગથિયાની પહોળાઈ.

(૯) તમારી માપપટ્ટીની લંબાઈ.

(૧૦) તમારા પપ્પાની ઊંચાઈ.

| ૭ | **પ્રવૃત્તિ : ધારો કે...** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- વર્ગમાં બે જૂથ બનાવો. એક જૂથ કોઈ એક <u>શાકભાજી</u>નું નામ ધારે. બીજા જૂથના સભ્યો કઈ શાકભાજીનું નામ ધાર્યું છે, તે જાણવા માટે પ્રશ્નો પૂછી તેના આધારે અનુમાનથી જવાબ આપે. નમૂનાના પ્રશ્નો નીચે મુજબ છે :

(૧) કેટલા અક્ષર છે?
(૨) ક્યાં જોવા મળે છે?
(૩) સ્વાદે કેવું છે?
(૪) રંગ કેવો છે?
(૫) આકાર કેવો છે?
(૬) અંદાજિત કિંમત કેટલી છે?
(૭) કેવી રીતે ખવાય?
(૮) કદ કેટલું છે?
(૯) અંદાજિત વજન કેટલું છે?

| ૮ | **પ્રવૃત્તિ : વાક્યરચના** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- આપેલ શબ્દકાર્ડનો ઉપયોગ કરીને બે વાક્યો બનાવો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વૃક્ષો | આઠ | અને | વાવવાં | આઠ | થાય | આપણે | સોળ | જોઈએ |

| |
|---|
| (અ) |
| (બ) |

| ૯ | **પ્રવૃત્તિ : વાહન શોધો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- વાહનોનાં નામ શોધો અને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| મો | ટ | ર | ગા | ડી | એ |
| ગ | ટ | રે | ખ | ટા | રો |
| સ્કુ | સ્ટી | લ | બ | સ | પ્લે |
| રિ | મ | ગા | સા | ય | ન |
| ક્ષા | ર | ડી | લ | ક | ચ |

| | |
|---|---|
| (૧) | (૫) |
| (૨) | (૬) |
| (૩) | (૭) |
| (૪) | (૮) |

## પાંચમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : હું ટી.વી. હોઉં તો?** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- ચાર કે પાંચના જૂથમાં વાતચીત કરીને નક્કી કરો કે તમે 'ટી.વી.' હો તો શું-શું કરો. ત્યારબાદ જૂથમાંથી એક વિદ્યાર્થી વર્ગસમક્ષ રજૂઆત કરે.

| ૨ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો.** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- વાક્ય વાંચો. ખૂટતા અક્ષર મૂકો. (ના, વડે, ને, થી, માંથી)

(૧) મીનાએ છરી ........ સફરજન કાપ્યું.

(૨) મિતાલી અને રાજ રાજકોટ .....આવ્યાં.

(૩) બાળકોએ કપડાંના ટૂકડાં ..... તોરણ બનાવ્યાં.

(૪) સિંહે ઉંદર ..... ભાગી જવા કહ્યું.

(૫) કીડીએ પારધી ..... પગે ચટકો ભર્યો.

| ૩ | **પ્રવૃત્તિ : જવાબ શોધો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

(૧) મને લખવામાં આવે ત્યારે બે ૯ આવે છે.________

(૨) હું ૧૦૦ માં ૪ ઓછી છું. ________

(૩) હું દસની સાત નોટ ₹ દસની એક નોટમાં એક ઓછી છું. ________

(૪) હું ૪૫ની ખૂબ નજીક છું. મને લખવામાં બે વખત ૪ આવે છે. ________

(૫) હું અડધી સદી ત્યારે બનું જ્યારે મારા પછી તમે ચોક્કો મારો. ________

(૬) હું ૨૦ની બે નોટ અને ૨ની ત્રણ નોટ જેટલી છું. ________

| ૪ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- ચાર-ચારનું જૂથ બનાવો. 'શરબત કેવી રીતે બનાવશો?' તેનું વર્ણન કરો.
- આ પ્રવૃત્તિ કરવાની હોય તેના અગાઉના દિવસે ઘરના સભ્યો જોડે ચર્ચા કરી માહિતી જાણવી.

| ૫ | **પ્રવૃત્તિ : શોધો અને લખો.** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ખૂટતા શબ્દો : (અમે, એમણે, અમને, અમારાં, સૌએ)

  ફકરો :

  અમારા શિક્ષકે .......... ચિત્ર દોરવાનું કહ્યું. અમે ........... જુદાં-જુદાં ચિત્રો દોર્યાં. બીજા દિવસે .......... અમારાં ચિત્રો મોટા સાહેબને બતાવ્યાં. .......... ચિત્રો મોટા સાહેબને ખૂબ ગમ્યાં. .......... અમને શાબાશી આપી.

| ૬ | **પ્રવૃત્તિ : શબ્દપરિવાર** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ખેતર સાથે જોડાયેલા શબ્દો નમૂના તરીકે અહીં આપ્યા છે. વાંચો.
  - o શબ્દો : માટી, ખાતર, પાણી, પાક, ખેડૂત, બળદ, ટ્રેક્ટર, હળ, પાવડો, કોદાળી, દાતરડું, અનાજ, કોથળા, ખળું, પૂળા, કાપણી, લણણી, શેઢો
- હવે 'બગીચો' અથવા 'નિશાળ' સાથે જોડાયેલ પાંચ શબ્દો અહીં લખો.

  ______________________________

| ૭ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. જોડીના બંને બાળકો 'ગાય' વિષય પર આપેલ વિગતના આધારે વાતચીત કરો.
  - o ગાયનો રંગ
  - o ગાયનો ખોરાક
  - o ગાય આપણને કેવી રીતે ઉપયોગી છે?
  - o તમારે ગાયની સેવા કરવી હોય તો શું કરો?

| ૮ | **પ્રવૃત્તિ : શબ્દ પરથી વાક્યરચના** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- આપેલ શબ્દકાર્ડનો ઉપયોગ કરીને બે વાક્યો બનાવો.

| લવારું | કાતરે | બચ્ચાને | ઉંદરમામા | કહેવાય | છે. | બકરીના | કપડાં |
|---|---|---|---|---|---|---|---|

| |
|---|
| (અ) |
| (બ) |

| ૯ | **પ્રવૃત્તિ : જોડાક્ષર શોધો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- કોષ્ટકમાંથી જોડાક્ષરવાળા શબ્દો શોધી તેની ફરતે ◯ **કરી નીચે લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| સં | સ્ત | મુ | અ | જા |
| ધ્યા | કુ | શ્કે | નું | સૂ |
| જ્ઞા | પા | લ | જં | ર્યા |
| દો | સ્તી | ક્કો | ત | સ્ત |
| ત્યાં | ક્ષી | બ | ચ્યું | ના |

| | |
|---|---|
| (૧) | (૪) |
| (૨) | (૫) |
| (૩) | (૬) |

| ૧૦ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો** **તા.** | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- 'પોપટ', 'માછલી' અને 'હરણ' જેને વિધાન લાગું પડે તેનું નામ લખો.

(૧) હું આકાશમાં રહું છું : ________

(૨) હું ઘાસ ખાઉં છું : ________

(૩) મને મરચું બહુ ભાવે : ________

(૪) જમીન ઉપર રાખો તો હું મરી જાઉં : ________

(૫) સિંહ મારો શિકાર કરે છે. :________

(૬) મારો રંગ લીલો છે. : ________

## છઠ્ઠું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : શું ગમે?** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. પોતાને શું ગમે છે? 'ઘોડા પર બેસવું.' કે 'ઊંટ પર બેસવું.'? બંને કોઈ એક-એકની પસંદગી કરો. પોતાને તે કેમ પસંદ છે તે અંગે સાથી મિત્રને કહો.

| ૨ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- કોષ્ટકમાંના શબ્દોને ગોઠવીને ચાર વાક્યો બનાવો. દરેક ભાગમાંથી એક-એક શબ્દ પસંદ કરો.

| ભાગ-૧ | ભાગ-૨ | ભાગ-૩ | ભાગ-૪ |
|---|---|---|---|
| દિવ્યેશને | આજે | ચણિયાચોળી | બનાવ્યું. |
| નીરજે | નવા | ચલાવવી | જશે. |
| મિત્તલ | રમકડાનું | જામનગર | પહેર્યાં. |
| પાયલે | સાઈકલ | રૉકેટ | ગમે છે. |

(૧) ..............................................................

(૨) ..............................................................

(૩) ..............................................................

(૪) ..............................................................

| ૩ | **પ્રવૃત્તિ : સંવાદ** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ગણિત પાના નંબર ૭-૮ પરનો સંવાદ વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.
- આપેલ સવાલ પર ચર્ચા કરો.

૧. આ ચિત્ર સંવાદમાં કેટલી વ્યક્તિ વચ્ચે વાતચીત થાય છે?

૨. સંવાદ કોની વચ્ચે થાય છે?

૩. પીળા રંગના બોક્સમાં લખેલ વાક્યો કોણ બોલે છે?

૪. લીલા રંગના બોક્સમાં લખેલ વાક્યો કોણ બોલે છે?

૫. ચિત્રકાર આખું ચિત્ર દોરવા કઈ યુક્તિનો ઉપયોગ કરે છે?

૬. ચિત્રકારે અમીનાનું આખું ચિત્ર કઈ રીતે દેખાડ્યું?

૭. અમીના ચિત્રકારને પૂરા રૂપિયા ચૂકવવા શું કરે છે?

- એક ચિત્રકાર બનો. એક અમીના બનો. પાના નંબર ૭ પરના સંવાદ વાંચીને સંભળાવો.
- ૨૦૦/- રૂા. થાય એ માટે નીચેનામાંથી જે જે વિકલ્પ સાચા લાગે ત્યાં ✓ની નિશાની કરો.

☐ ૫૦/- **રૂા. ₹** ૫૦/- **રૂા.**

☐ ૧૦૦/- **રૂા. ₹** ૧૦૦/- **રૂા.**

☐ ૧૦૦/- **રૂા. ₹** ૫૦/- **રૂા. ₹** ૫૦/- **રૂા.**

☐ ૧૦૦/- **રૂા. ₹** ૫૦/- **રૂા.**

| ૪ | **પ્રવૃત્તિ : વસ્તુ એક કામ અનેક** | **તા.** | જૂથકાર્ય |
|---|---|---|---|

- ચાર કે પાંચના જૂથમાં મળીને શોધી કાઢો કે ‘બંગડી’ વસ્તુના વધુમાં વધુ કેટલા ઉપયોગ થઈ શકે છે. નવા-નવા ઉપયોગો બનાવો. પછી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

| ૫ | **પ્રવૃત્તિ : શબ્દ પરથી વાક્યરચના** | **તા.** | વ્યક્તિગત કાર્ય |
|---|---|---|---|

- આપેલ શબ્દકાર્ડનો ઉપયોગ કરી વાક્યો બનાવો.

| ભાઈ | લખે | હતા | રામ | અને | પત્ર | ચેતનને | લક્ષ્મણ | અશ્વિન | છે. |
|---|---|---|---|---|---|---|---|---|---|

| |
|---|
| (અ) |
| (બ) |

| ૬ | **પ્રવૃત્તિ : મને ઓળખો** | **તા.** | જોડીકાર્ય |
|---|---|---|---|

- ઉખાણાં વાંચો અને જવાબ લખો.

૧. મારે માથે કલગી છે, ટેંહૂક...ટેંહૂક કરું છું. : ________

૨. કૂહૂઉ...કૂહૂઉ બોલું છું, મીઠું - મીઠું ટહૂકું છું. : ________

૩. ચીં...ચીં...ચીં...ચીં કરું છું, ઘર ઘરમાં હું ફરું છું. : ________

૪. ઘરની ચોકી કરું છું હાઉં...હાઉં...હાઉં...હાઉં કરું છું. :________

૫. કપડાં-કાગળ કાતરું છું, ચૂં...ચૂં...ચૂં...ચૂં કરું છું. : ________

| ૭ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. જોડીના બંને બાળકો 'ખેડૂત' વિષય પર આપેલ મુદ્દાના આધારે વાતચીત કરશે.
  - o ખેડૂત શું કામ કરે ?
  - o ખેડૂત ખેતી કરવા માટે કયાં-કયાં ઓજારોનો ઉપયોગ કરે છે?
  - o ખેડૂત કયા-કયા પાકનું વાવેતર કરે છે?
  - o તમે ખેડૂતને મળો તો તેને શું પૂછો?

| ૮ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

| **કલશ સસ્તા અનાજની દુકાન** | | | | |
|---|---|---|---|---|
| ગામ - બાવળા | | | તારીખ - ૧૦/૦૭/૨૦૧૮ | |
| ક્રમ | માલની જાત | વજન કિલોગ્રામ | ભાવ એક કિલોગ્રામના | કુલ રૂપિયા |
| ૧. | ઘઉં | ૫.૦૦ | ૨૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૨. | ખાંડ | ૨.૦૦ | ૪૦.૦૦ | ૮૦.૦૦ |
| ૩. | શીંગતેલ | ૫.૦૦ | ૧૧૦.૦૦ | ૫૫૦.૦૦ |
| ૪. | ચોખા | ૪.૦૦ | ૪૦.૦૦ | ૧૬૦.૦૦ |
| ૫. | કુલ | | | **૮૯૦.૦૦** |
| આઠસો નેવું રૂપિયા પુરા | | | | |

ઉપરના બિલના આધારે જવાબ આપો.

(૧) આ બિલ કઈ તારીખનું છે? ___________

(૨) દુકાનનું નામ અને ગામ જણાવો. નામ _________________ ગામ ___________

(૩) ઘઉં કેટલા ખરીદ્યા છે? ___________

(૪) ખાંડના કેટલા રૂપિયા ચૂકવ્યા છે? ___________

(૫) કુલ કેટલા રૂપિયાનો માલ ખરીદ્યો છે?___________

| ૯ | **પ્રવૃત્તિ : કહો હું કોણ?** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- ઉખાણાના જવાબ શોધીને લખો.

| | | | |
|---|---|---|---|
| ૧. | નદી, તળાવ, સરોવર,<br>પશુ, પક્ષી કે તરુવર,<br>એ જો ન હોય તો,<br>સૌ દુ:ખી એના વગર.<br>(દસારવ)__________ | ૩. | બે માથાં અને બે પગ,<br>જાણે એને આખું જગ,<br>જે કોઈ આવે એની વચમાં,<br>કપાઈ જાય એની કચકચમાં<br>(તકાર)__________ |
| ૨. | આકાશે ગડગડાટ<br>ને વીજળીના ચમકારા,<br>ચાંદા અને સૂરજના<br>અજવાળાને પણ ઢાંકે.<br>(દળવા) __________ | ૪. | અવાજ ટપ ટપ થાય,<br>હળવે હાથે ઘડાય,<br>સૌ જણ સ્વાદે ખાય,<br>કોણ રોટલીનો ભાઈ થાય?<br>(લોરોટ) __________ |

## સાતમું અઠવાડિયું

| | | | |
|---|---|---|---|
| ૧ | **પ્રવૃત્તિ : શું ગમે?** | **તા.** | **જોડીકાર્ય** |

- બે-બેની જોડી બનાવો. તમને શું ગમે છે? 'ટી.વી. જોવું.' કે 'વરસાદમાં નહાવું.' બંને કોઈ એક-એકની પસંદગી કરો. પોતાને તે કેમ પસંદ છે તે અંગે સાથી મિત્રને કહો.

| | | | |
|---|---|---|---|
| ૨ | **પ્રવૃત્તિ : સાચું બનાવો** | **તા.** | **જોડી કાર્ય** |

- લીટી દોરેલ શબ્દનો વિરોધી શબ્દ લખી વાક્ય ફરીથી લખો.

(૧) દિવસના ઘોર અંધારામાં કશું જ દેખાતું નથી.

_______________

(૨) રાત્રે સૂર્યના પ્રકાશથી વનસ્પતિ ખીલે છે.

_______________

(૩) શિયાળાની કડકડતી ગરમીમાં પાતળાં કપડાં પહેરવાં જોઈએ.

_______________

(૪) પૂનમના દિવસે ચંદ્ર દેખાતો નથી.

_______________

(૫) સૂર્ય સવારે પૂર્વમાં આથમે છે.

_______________

| | | | |
|---|---|---|---|
| ૩ | **પ્રવૃત્તિ : વાંચો અને કહો.** | **તા.** | **જૂથકાર્ય** |

- ગણિતના પાના નં. ૩૬ પરના ફકરા અને લખાણને વાંચો. નીચેના પ્રશ્નોની ચર્ચા કરો.

૧. વૃદ્ધ હરણ કોને ઘેર લઈ આવ્યું? શા માટે?

_______________

૨. સિંહનાબચ્ચાંને જોઈ બધાં કેમ ડરી ગયાં?

_______________

૩. સસલાં અને હરણની સંખ્યા કેટલી હતી? _________

☐ બસો ચાલીસ ☐ પંચોતેર ☐ એકસો બાસઠ

૪. પક્ષીઓની સંખ્યા કેટલી હતી?

☐ સત્તાવીસ ☐ આડત્રીસ ☐ એકસો ચોવીસ

૫. બીજા દિવસે સવારે પક્ષી-પ્રાણીની સંખ્યા કેટલી થઈ? ________

☐ બસો ચાળીસ ☐ બસો એકતાળીસ ☐ બસો આડત્રીસ

- **વિચારો :** તમને શું લાગે છે? બધાં પ્રાણીઓ સિંહબાળને જવા દેશે? શા માટે?

| ૪ | **પ્રવૃત્તિ : હું શું કરું?** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- ચાર કે પાંચના જૂથમાં વાતચીત કરીને નક્કી કરો કે તમે 'વાંદરો' હોવ તો શું-શું કરો. ત્યારબાદ જૂથમાંથી એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરે.

| ૫ | **પ્રવૃત્તિ : ધારો કે...** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- વજન ૧ કિલોગ્રામ = ૧૦૦૦ ગ્રામ

આપેલી વસ્તુઓનું વજન લગભગ કેટલું હશે તે વિચારો. ત્યારબાદ લખો.

(ટામેટું, કંપાસપેટી, ઈંટ, ચોકલેટ, ટેબલ, ફુગ્ગો, તિજોરી, પાટલી)

(૧) આપેલી વસ્તુઓમાં સૌથી ઓછું વજન કોનું હશે? ________

(૨) ઈંટનું વજન ________ કિલોગ્રામ હશે?

(૩) સૌથી વધારે વજન કોનું હશે? ________

(૪) કંપાસપેટીનું વજન ________ ગ્રામ હશે?

(૫) ૧ કિલોગ્રામ કરતાં ઓછું વજન હોય તેવી વસ્તુઓનાં નામ લખો.

________, ________, ________, ________

(૬) ૫ કિલોગ્રામથી વધારે વજન હોય તેનાં નામ જણાવો.

________, ________, ________

| ૬ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો.** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ઉદાહરણ મુજબ સાચા જવાબ ફરતે વર્તુળ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| દૂધ આપનારાં પ્રાણી | (ગાય) | કાચબો | ઉંદર | (ઊંટડી) | (ભેંસ) |
| માંસાહારી પ્રાણી | ભેંસ | કૂતરો | બિલાડી | વાઘ | બકરી |
| શિંગડાંવાળાં પ્રાણી | ઊંટ | ઘોડો | બકરી | હાથી | વાઘ |
| ઝાડ પર ચડનારાં પ્રાણી | ઘેટું | ખિસકોલી | ચિત્તો | સાપ | વાંદરો |

| ૭ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- બે-બેની જોડી બનાવો. જોડીના બંને બાળકો 'મંદિર' વિષય પર આપેલ વિગતના આધારે વાચચીત કરે.
  - o જોયેલાં મંદિર
  - o મંદિરમાં શું હોય?
  - o તમે મંદિરના પૂજારીને મળો તો કઈ વાતચીત કરો?
  - o તમે કોઈ મંદિરમાં ગયા હો તે મંદિર વિશે જણાવો.

| ૮ | **પ્રવૃત્તિ : વાક્યરચના** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- આપેલ શબ્દકાર્ડનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

| બરાડા | લાગ્યો | પાડવા | તે |
|---|---|---|---|

૧. ______________________________

| થયો | છૂટો | સિંહ | જાળમાંથી |
|---|---|---|---|

૨. ______________________________

| અને | મલક્યા | ગણેશ | બોલ્યા |
|---|---|---|---|

૩. ______________________________

| તું | ગયો | વહેલો | આવી |
|---|---|---|---|

૪. ______________________________

| ૯ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો** **તા.** જોડીકાર્ય |
|---|---|

● આપેલાં વાહનોનાં નામને આધારે તેનાં પૈડાંની સંખ્યા તેમજ ઉપયોગ જણાવો.

| | | |
|---|---|---|
| ટ્રેક્ટર | ચાર પૈડાં | - માલની હેરફેર માટે<br>- જમીન ખેડવા માટે<br>- મજૂરોની હેરફેર માટે<br>- ખાતર ભરવા માટે |
| ખટારો | | |
| મોટરસાઈકલ (બાઈક) | | |
| વિમાન | | |
| રિક્ષા | | |

# આઠમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : મારું કુટુંબ** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. જોડીનાં બંને બાળકો 'મારું કુટુંબ' વિષય પર આપેલ વિગતના આધારે વાતચીત કરશે.
  - o કુટુંબના સભ્યો
  - o શું મદદ કરે છે?
  - o કુટુંબમાં કોણ શું કરે છે?
  - o કુટુંબમાં પડતી મુશ્કેલીઓ
  - o કુટુંબમાં કોણ કોને મદદ કરે છે?

| ૨ | **પ્રવૃત્તિ : વાક્યરચના** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- આપેલ શબ્દકાર્ડનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

| | | | |
|---|---|---|---|
| ખોરી | દાનત | કાગડાભાઈની | હતી |

૧. ____________________

| | | | |
|---|---|---|---|
| મોજ | કરી | ને | ખાધું પીધું |

૨. ____________________

| | | | |
|---|---|---|---|
| મહેનતુ | ઈસ્માઈલ | ભારે | હતા |

૩. ____________________

| | | | |
|---|---|---|---|
| ગઈ | મરઘી | ડઘાઈ | તો |

૪. ____________________

| ૩ | **પ્રવૃત્તિ : કૂદકો મારતાં શીખો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- આપેલા સીડીવાળા ખાનામાં આપેલી સંખ્યાથી બે-બેનો કૂદકો મારી સાતમા કૂદકે ઊભા રહો. સંખ્યા લખો.

| ઉદાહરણ : | ૨૧ | ૨૩ | ૨૫ | ૨૭ | ૨૯ | ૩૧ | ૩૩ | ૩૫ |
|---|---|---|---|---|---|---|---|---|

- પાંચનો કૂદકો મારો ૧૦મા ખાને ઊભા રહો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | | | ૩૦ | | ૪૦ | | ૫૦ | | |

- સાતના અગિયાર કૂદકા મારો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ૨૧ | ૨૮ | | | ૪૯ | | | ૭૦ | | |

- ૧૦ડગલાં પાછા કદમ મારો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૦ | ૧૮૦ | | | | | | | | | |

| ૪ | **પ્રવૃત્તિ : વાતચીત** તા. | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડ બનાવો. જોડીના બંને બાળકો ‘મોબાઈલ’ વિષય પર આપેલ વિગતના આધારે વાતચીત કરશે.
  - o તમારા ઘરે કોણ-કોણ મોબાઈલ વાપરે છે?
  - o તમારા મામા જોડે મોબાઈલથી વાતચીત કરવી હોય તો તમે કેવી રીતે કરશો?
  - o મોબાઈલ શું-શું કરવા માટે કામ આવે?
  - o તમે મોબાઈલમાં શું-શું જુઓ છો?
  - o નવરા પડીએ તો મોબાઈલ જોવો જોઈએ? હા કે ના? કેમ?

| ૫ | **પ્રવૃત્તિ : પંખીઓનો કલરવ** તા. | **જોડીકાર્ય** |
|---|---|---|

- કોષ્ટકમાંથી દસ પંખીઓનાં નામ શોધી તેની ફરતે ○ કરો અને લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કા | શિ | યા | ળ | કો | વા | દ | ળ |
| ગ | બ | થા | ઈ | ય | ઘ | ર | પો |
| ડો | કા | ર | ય | લ | ગ | તં | પ |
| સિં | હ | ણ | ળ | ખો | ડ | લ | ટ |
| હ | બા | રી | ચ | ટી | ગો | મો | ગ |
| ર | જી | જ | ક | બૂ | ત | ર | ણે |
| ણ | વ | ડો | લી | મી | રી | હં | શ |
| બુ | લ | બુ | લ | અ | દિ | તિ | સ |

(૧)કાબર (૨)__________ (૩)__________ (૪)__________

(૫)__________ (૬)__________ (૭)__________ (૮)__________

(૯)__________ (૧૦)__________

| ૬ | **પ્રવૃત્તિ : વિચારો અને કહો** **તા.** જોડીકાર્ય |
|---|---|

- તમારી શાળા બનાવવામાં જે જે વસ્તુનો ઉપયોગ થયેલો છે તેના પર ✓ કરો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પથ્થર | | લોખંડ | | માટી | | વાંસ | |
| લાકડું | | પ્લાસ્ટિક | | સિમેન્ટ | | કાચ | |
| ઈંટો | | લોખંડનાં પતરાં | | સિમેન્ટનાં પતરાં | | | |
| કલર | | પાઈપ | | સળિયા | | પૂંઠાં | |
| દોરડાં | | વનસ્પતિ | | છાણ | | ચૂનો | |

| ૭ | **પ્રવૃત્તિ : વિચારો અને જોડો** **તા.** જોડીકાર્ય |
|---|---|

- વિભાગ-૧ અને વિભાગ-૨ને તીરથી જોડીને વાક્યો બનાવો.

| વિભાગ – ૧ | વિભાગ - ૨ |
|---|---|
| તે જંગલમાં ગયો → | તે મને જોવા ગમે |
| માછલીને પાણીમાં તરતી જોઈ | → ત્યાં તેણે સિંહ જોયો |
| ચાંદામામા આકાશમાં દેખાય | કસરત કરવી |
| દાદા વડીલ કહેવાય | મને તરવાનું મન થયું |
| રોજ વહેલા ઊઠીને | તેમને હું નમન કરું છું. |

| ૮ | **પ્રવૃત્તિ : સૂચના પ્રમાણે કરો** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- ફકરો વાંચો. કહ્યા પ્રમાણે કરો. પાન નં. ૨ અને ૩, "ઉંદરની વાત સાંભળી ... તારો ખૂબ આભાર."
- ફકરાઓમાંથી શબ્દ શોધી પૂરા કરો.

(૧) પા...ર (૨) ફ...યો (૩) બ...ડા

(૪) જા... (૫) આ...ર (૬) વ.....રા.....

- નીચેના સવાલ પર ચર્ચા કરો. જવાબ તૈયાર કરો.

(૧) ઉંદરની વાત સાંભળી સિંહને હસવું કેમ આવ્યું હશે?

(૨) સિંહ શા માટે બરાડા પાડવા લાગ્યો હતો?

(૩) સિંહ જાળમાંથી કઈ રીતે છૂટ્યો?

(૪) સિંહ મિત્ર ઉંદરનો આભાર શા માટે માને છે?

- 'તે બરાડા પાડવા લાગ્યો' આના જેવા અર્થવાળા વાક્ય સામે ✓ કરો.

☐ તે ડરી જઈને ચીસો પાડવા લાગ્યો.

☐ તે મદદ માટે બૂમો પાડવા લાગ્યો.

☐ તે જોર-જોરથી રડવા લાગ્યો.

| ૯ | **પ્રવૃત્તિ : શબ્દશોધ** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- કૌંસમાં આપેલ શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો કોષ્ટકમાંથી શોધી તેની ફરતે ◯ કરી નીચે લખો.

| | | | | |
|---|---|---|---|---|
| ઓ | ક | ડ | વું | ઝા |
| પા | દિ | નિ | સાં | જ |
| સું | વ | વું | કિ | આ |
| જા | સ | ગી | ત | કા |
| (રા | ક્ષ | સ) | ડો | શ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | મીઠું × | | (૪) | સવાર × | |
| (૨) | ધરતી × | | (૫) | દેવ × | |
| (૩) | રાત × | | | | |

## નવમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** જોડીકાર્ય |
|---|---|

- બે-બેની જોડી બનાવો. જોડીના બંને બાળકો 'મેળો' વિષય પર આપેલ વિગતના આધારે વાતચીત કરશે.
  - o મેળો ક્યાં-ક્યાં ભરાય છે?
  - o મેળામાં જઈને તમે શું કરો છો?
  - o મેળામાં શું-શું જોવા મળે?
  - o મેળામાં હોઈએ તો કઈ કાળજી લઈશું?

| ૨ | **પ્રવૃત્તિ : શબ્દસર્જન** **તા.** જોડીકાર્ય |
|---|---|

- 'કા' પરથી બનતા શબ્દો લખો.
  - o કાગડો, ________, ________, ________, ________, ________,

    ________, ________, ________, ________, ________,

| ૩ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો** **તા.** |
|---|---|

**પ્રકાર :જોડીકાર્ય**

- ભાત(પેટર્ન) પ્રમાણે આગળ ચાલો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ૩૩૦ | ૩૪૦ | ૩૫૦ | | | | | | |
| (૨) | ૨૦૯ | ૨૦૬ | ૨૦૩ | | | | | | |
| (૩) | ૪૦૧ | ૪૦૨ | ૪૦૩ | | | | | | |

| ૪ | **પ્રવૃત્તિ : મારું ઘર** **તા.** જોડીકાર્ય |
|---|---|

- બે-બેની જોડીમાં એકબીજાને પ્રશ્નો પૂછીને જવાબ મેળવો.
  - (૧) તમારા ઘરમાં કયા-કયા નિયમો પાળવામાં આવે છે?
  - (૨) તમારા ઘરમાં કયા-કયા વડીલો છે?
  - (૩) વડીલોને તમે કેવી રીતે માન આપો છો?
  - (૪) તમે મહેમાનોને કેવી રીતે માન આપો છો?

| ૫ | **પ્રવૃત્તિ : વિચારો અને જોડો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- વિભાગ-૧ અને વિભાગ-૨ને તીરથી જોડીને વાક્યો બનાવો.

| વિભાગ – ૧ | વિભાગ - ૨ |
|---|---|
| સાંજ પડી | ઝાડે નવાં પાન આવ્યાં. |
| વરસાદ વરસ્યો | શાળા ખૂલી. |
| વસંત આવી | પંખીઓ માળામાં ગયાં. |
| શિયાળો આવ્યો | ખેડૂતે વાવણી કરી. |
| વેકેશન પૂરું થયું | ઠંડી લાવ્યો. |

| 6 | **પ્રવૃત્તિ : આસ-પાસની દુનિયા** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

૧. તમે કયા ગામમાં / શહેરમાં રહો છો?

______________________________

૨. તમારા ઘરની બાજુમાં કોનું ઘર છે?

______________________________

૩. ઘરેથી નિશાળે આવો તો વચ્ચે કોનાં મકાન આવે છે?

(૧)________(૨)________(૩)________

૪. તમારા રસ્તામાં આવતી બે દુકાનનાં નામ લખો.

(૧)________(૨)________

૫. રસ્તામાં આવતાં તમે કયાં-કયાં વાહન જોયાં?

(૧)________(૨)________

| ૭ | **પ્રવૃત્તિ : શ્રુતલેખન** **તા.** | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|

- તમારા શિક્ષક બોલે તે લખો. (ધોરણ-૩ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પેજ નંબર ૨૭ પરનો ફકરો : ‘‘કાબર પાછી ગઈ.......... નુકસાન થશે.’’ સુધીનું શ્રુતલેખન કરાવો.

- ફકરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

  ૧. ‘ખેતરમાંથી નકામું ઘાસ ઉખેડી કાઢવું’ માટે કયો શબ્દ વપરાયો છે?

  ૨. ‘બાજરો બહુ સારો ઊગ્યો છે.’ આ વાક્ય કોણ બોલે છે?

| ૮ | **પ્રવૃત્તિ : અમને ઉડાડો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- પક્ષીઓનાં નામ શોધો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| કા | બ | ર | ગી | ઘ | બુ |
| ગ | રુ | ડ | મે | ના | લ |
| ડો | ચી | બ | રી | તા | બુ |
| પો | પ | ટ | કો | ય | લ |
| તે | ત | ર | મો | ર | હં |
| ચ | ક | લી | હો | લો | સ |

| | | | |
|---|---|---|---|
| (૧) | | (૭) | |
| (૨) | | (૮) | |
| (૩) | | (૯) | |
| (૪) | | (૧૦) | |
| (૫) | | (૧૧) | |
| (૬) | | (૧૨) | |

| ૯ | **પ્રવૃત્તિ : કહો હું કોણ?** **તા.** સમૂહકાર્ય |
|---|---|

- ઉખાણું.

| | | | |
|---|---|---|---|
| ૧. | ચાર ભાઈ ઊભા ને,<br>ચાર ભાઈ આડા,<br>એક-એકના અંગમાં,<br>બબ્બે પેઠા.<br>__________ | ૩. | રાતા રાતા રતનજી,<br>ઉપર લીલાં પાન,<br>મૂળાના તો સગા ભાઈ,<br>અથાણામાં માન.<br>__________ |
| ૨. | ઢીંચણ જેવડી ગાય,<br>નીરે એટલું ખાય,<br>તોય એનું પેટ ના ભરાય.<br>__________ | ૪. | એક જનાવર ઈતું,<br>પૂંછડે પાણી પીતું,<br>વા આવે તો બીતું.<br>__________ |

## દસમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : હું વાદળ હોઉં તો?** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- ચાર કે પાંચના જૂથમાં વાતચીત કરીને નક્કી કરો કે તમે 'વાદળ' હોવ તો શું-શું કરો. ત્યારબાદ એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

| ૨ | **પ્રવૃત્તિ : ગોઠવણ** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ક્રમમાં ગોઠવી વાક્ય લખો.

  ૧. રમે છે મેદાનમાં છોકરાઓ : ______________________________

  ૨. ચરે ગાય છે ખેતરમાં :______________________________

  ૩. બસમાં છે મીના બેઠી :______________________________

| ૩ | **પ્રવૃત્તિ : મનમોજીની દુકાન** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- આ દુકાનનો માલિક 'મનમોજી' ફક્ત દસ(દશક) અને સો (શતક)નાં પડીકા (પેકેટ)માં જ સામાન આપે છે. જો દસ કરતાં ઓછી હોય તો છૂટક વસ્તુઓ આપે છે.
- દરેક પ્રાણી સો-સોના, દસ-દસના અને એક-એકના કેટલાં પેકેટ લઈ જશે તે શોધો અને લખો.

| | | સોનું પેકેટ | દસનાં પેકેટ | છૂટક વસ્તુ |
|---|---|---|---|---|
| સસલું | ૧૫૩ (ગાજર) | (૧૦૦) | (૧૦)(૧૦)(૧૦)(૧૦)(૧૦) | (૧)(૧)(૧) |
| હાથી | ૨૨૦ (શેરડીના સાંઠા) | | | |
| ગાય | ૨૪૫ (ભીંડા) | | | |
| હરણ | ૩૬૫ (ગવારશીંગ) | | | |
| કૂતરો | ૫૫૪ (બિસ્કિટ) | | | |

| ૪ | **પ્રવૃત્તિ : શું ગમે?** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. પોતાને શું ગમે છે? 'રમવું' કે 'ભણવું'? બંને કોઈ એક-એકની પસંદગી કરો. પોતાને તે કેમ પસંદ છે તે અંગે સાથી મિત્રને કહો.

| ૫ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો.** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- ખૂટતા શબ્દો : (મેં, કર્યું, હું, તું, તને)

ફકરો : ____ મજામાં છું. ____ પણ મજામાં હોઈશ. મારો પત્ર વાંચીને____ નવાઈ લાગશે. ____ ફોન કરવાને બદલે પત્ર લખવાનું કેમ પસંદ ____?

| ૬ | **પ્રવૃત્તિ : મને શોધો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- કોષ્ટકમાંથી શોધો.

| | | | |
|---|---|---|---|
| ગા | બ | ઉં | ક |
| ય | ળ | દ | બૂ |
| વાં | દ | રો | ત |
| પો | પ | ટ | ર |
| ચ | ક | લી | ડા |

| | | |
|---|---|---|
| (૧) | ઝાડે ચડું, હૂપા-હૂપ કરું | વાંદરો |
| (૨) | લીલા રંગનું પંખી. | |
| (૩) | મારું બીજું નામ પારેવું. | |
| (૪) | મારા બચ્ચાને વાછરડું કહે છે. | |
| (૫) | ચીં.. ચીં.. કરતી દાણા ચણું. | |
| (૬) | ખેતરમાં હળ ખેંચું છું. | |
| (૭) | ચૂં...ચૂં.. કરતાં જઈએ, કાગળ કપડાં કાપી ખાઈએ. | |

| ૭ | **પ્રવૃત્તિ : વાતચીત** તા. | જૂથકાર્ય |
|---|---|---|

- ચાર-ચારનું જૂથ બનાવો. 'ચોમાસું' વિષે મુદ્દાના આધારે વાતચીત કરવાનું કહો.
  - o ચોમાસું ક્યારે આવે? વરસાદ પડે ત્યારે શું થાય?
  - o ચોમાસામાં વરસાદમાં તમે શું-શું કરો?
  - o વરસાદ જોડે વાત કરવી હોય તો તમે તેની સાથે કઈ-કઈ વાતો કરો?
  - o તમને ચોમાસું શું કામ ગમે?

| ૮ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- તમારી શાળામાં કે તમારા ગામ / શહેરમાં રમાતી રમતોનાં નામ લખો અને તેનાં સાધનોનાં નામ લખો.

| રમતનું નામ | વપરાતાં સાધનો |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

| ૯ | **પ્રવૃત્તિ : શબ્દઅંતાક્ષરી** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- છેલ્લા અક્ષરથી નવો શબ્દ બનાવો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| શિક્ષક | → | કબૂતર | → | રકાબી | → | બિલાડી |
| | | | | | | ↓ |
| | ← | | ← | | ← | |
| ↓ | | | | | | |
| | → | | → | | → | |

# અગિયારમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : શબ્દઅંતાક્ષરી** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|---|

- વર્ગનાં બે જૂથ બનાવવાં. પ્રથમ જૂથ કોઈ એક શબ્દ બોલશે. તે શબ્દનો છેલ્લો અક્ષર જે હોય તે અક્ષરથી સામેનું જૂથ કોઈ એક શબ્દ બોલશે.
- જેમ કે, પ્રથમ જૂથે ‘વરસાદ’ શબ્દ બોલ્યો. તો બીજું જૂથ ‘દ’ થી શરૂ થતો શબ્દ બોલશે. જેમ કે, ‘દરવાજો’ આમ આ રમત ચાલ્યા કરશે.

| ૨ | **પ્રવૃત્તિ : શ્રુતલેખન** | **તા.** | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|---|

- તમારા શિક્ષક બોલે તે લખો. (ધોરણ – ૩ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પેજ નંબર ૧૩ પરનો ફકરો :“માને પગે લાગીને .......... શું કરવું?” સુધીનું શ્રુતલેખન કરાવો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

- ફકરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. ઝડપી ચાલ કોની હતી?

______________________________

______________________________


૨. ગણેશને કઈ મૂંઝવણ હતી?

______________________________

______________________________

| ૩ | **પ્રવૃત્તિ : મનમોજીની દુકાન** તા. | જોડીકાર્ય |
|---|---|---|

● મનમોજી એક દુકાનદાર છે. તેની પૈસા લેવાની રીત મનમોજી છે. તે ફક્ત [૧૦૦]ની નોટો [૧૦]ની નોટો અને (૧)ના સિક્કામાં જ પૈસા લે છે. હવે શોધીને લખો કે પ્રાણીઓએ જે લીધું તેના બદલામાં તેઓ કેવી રીતે (પૈસા) ચુકવશે?હાથીના ખાનામાં જેવા આકાર છે તેવા આકાર બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
|  | રૂ. ૪૩૧ | ૧૦૦ ૧૦૦ ૧૦૦ ૧૦૦ | ૧૦ ૧૦ ૧૦ | (૧) |
|  | રૂ. ૧૫૬ | | | |
|  | રૂ. ૨૬૫ | | | |
|  | રૂ. ૫૫ | | | |
|  | રૂ. ૧૦૭ | | | |
|  | રૂ.૩૪૨ | | | |

| ૪ | **પ્રવૃત્તિ : જો હું હોઉં તો.** તા. | જૂથકાર્ય |
|---|---|---|

● ચાર કે પાંચના જૂથમાં વાતચીત કરીને નક્કી કરો કે તમે 'નદી' હો તો શું-શું કરો. ત્યારબાદ જૂથમાંથી એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

| ૫ | **પ્રવૃત્તિ : સાત વારની વાર્તા** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- યોગ્ય ક્રમ આપો.

| | |
|---|---|
| | બુધવારે બુદ્ધિ આવી. |
| | શનિવારે માંદો પડ્યો. |
| | એક હતો રાજા. |
| ૩ | મંગળવારે મોટો થયો. |
| | ગુરુવારે ગાદીએ બેઠો. |
| | સોમવારે જન્મ્યો. |
| | શુક્રવારે શિકાર કરવા ગયો. |
| | રવિવારે સાજો થયો. |

| ૬ | **પ્રવૃત્તિ : શબ્દશોધ** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- કોષ્ટકમાંથી ધંધાદારીઓનાં નામ શોધો.

| | | | | |
|---|---|---|---|---|
| હ | ડ્રા | ઈ | વ | ર |
| જા | લુ | કું | ભા | ર |
| મ | હા | મ | જૂ | ર |
| સો | ર | ડૉ | ક્ટ | ર |
| ની | ક | ઠિ | યા | રો |

| | |
|---|---|
| (૧) | |
| (૨) | |
| (૩) | |
| (૪) | |
| (૫) | |
| (૬) | |
| (૭) | |
| (૮) | |

| ૭ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. જોડીનાં બંને બાળકો 'નદી' વિષય પર આપેલ વિગતના આધારે વાતચીત કરો.

o નદીઓનાં નામ

o જોયેલી નદીઓ


o નદીનું પાણી કોને ઉપયોગી છે?

o નદીનું પાણી કેવી રીતે બગડે છે?

o નદીના પાણીનો બગાડ ન થાય તે માટે શું-શું કરવું જોઈએ?

| ૮ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો**      **તા.**      જોડીકાર્ય |
|---|---|

- આપેલા ગોળાકારમાં ખૂટતા મહિનાનાં નામ લખો.




| ૯ | **પ્રવૃત્તિ : થોડામાં ઘણું**      **તા.**      જોડીકાર્ય |
|---|---|

- કેમ હસ્યા? કારણ કહો.

  મમ્મી – રાજુ બેટા, લે આ તાવની ગોળી ખાઈ લે.

  રાજુ – ના મમ્મી, મારે કડવી ગોળી નથી ખાવી.

  મમ્મી – રાજુ અહીં આવ. આ પેંડો ખાઈ લે.

  રાજુ - લાવ મમ્મી, મને પેંડો તો બહુ જ ભાવે છે.

  મમ્મી – રાજુ બેટા, તું પેંડો ખાઈ ગયો?

  રાજુ – હા મમ્મી, પેંડો તો હું ખાઈ ગયો પણ તેમાંથી પેલો ઠળિયો કાઢીને મેં ફેંકી દીધો.

- પ્રશ્નો :

  (૧) રાજુને ગોળી કેમ નહોતી ખાવી?

  ______________________________

  (૨) મમ્મીએ ગોળી ક્યાં મૂકીને આપી?

  ______________________________

  (૩) છેવટે રાજુએ ગોળી ખાધી?

  ______________________________

- હવે આ રમૂજને 'મમ્મી' અને 'રાજુ' બનીને વર્ગ સામે ભજવો.

## બારમું અઠવાડિયું

| | |
|---|---|
| ૧ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** **જૂથકાર્ય** |

- આ પ્રવૃત્તિ કરવાની હોય તેના અગાઉના દિવસે ઘરના સભ્યો જોડે ચર્ચા કરી માહિતી જાણવી.
- ચાર-ચારનાં જૂથ બનાવો. વૃક્ષ કેવી રીતે વાવશો તે અંગે વાતચીત કરી, વર્ગમાં કહો.

| | |
|---|---|
| ૨ | **પ્રવૃત્તિ : જો... અને તો...** **તા.** **જૂથકાર્ય** |

- ત્રણ-ચારનાં જૂથ બનાવો. કોઈ એક મુદ્દાની પસંદગી કરો. જો એમ થાય તો તમે શું-શું કરો તે વિશે સાથી મિત્રને કહો.

| | |
|---|---|
| (૧) | જો મને પાંખ હોય તો... |
| (૨) | જો હું જાદુગર હોઉં તો... |
| (૩) | જો મને બે હજાર રૂપિયાની નોટ મળે તો... |

| | |
|---|---|
| 3 | **પ્રવૃત્તિ : મને ઓળખો.** **તા.** **જોડીકાર્ય** |

- મને ઓળખો અને ઉદાહરણ મુજબ જોડો.

| | |
|---|---|
| (૧) હું ૩૦ અને ૪૦ની વચ્ચે આવું છું. મને લખવામાં ૮આવે છે. | ૪૬ |
| (૨) મને લખવામાં ૯આવે છે અને હું ૯૦ની ઘણી નજીક છું. | ૧૦ |
| (૩) મારા પછી તમે ચોગ્ગો લગાવો તો ૫૦ રન પૂરા થાય. | ૩૮ |
| (૪) હું૧૦ની દસ નોટો જેટલો છું. | ૧૫૦ |
| (૫) હું સદી(શતક) ₹ ૫૦ રનનો સરવાળો છું. | ૮૯ |
| (૬) બે અંકની નાનામાં નાની સંખ્યા છું. | ૧૦૦ |

| | |
|---|---|
| ૪ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** **જૂથકાર્ય** |

- ચાર કે પાંચના જૂથમાં વાતચીત કરીને નક્કી કરો કે તમે ‘શિક્ષક’ હોવ તો શું-શું કરો અને શું ના કરો? ત્યારબાદ જૂથમાંથી એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરશે.

| ૫ | **પ્રવૃત્તિ : ચિત્રવર્ણન** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. ગુજરાતી પેજ નંબર ૧૯ પરનું ચિત્ર જોઈને છ વાક્યો લખો. વાક્ય કેવું બનાવશો તે વાતચીત કરીને નક્કી કરો.

(૧) ______________________

(૨) ______________________

(૩) ______________________

(૪) ______________________

(૫) ______________________

(૬) ______________________

| ૬ | **પ્રવૃત્તિ : મને શોધો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- કોષ્ટકમાંથી જવાબ શોધીને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| આ | સા | ણો | આં | બો |
| ના | સો | લી | મ | ડો |
| ળિ | બા | પા | કે | ળ |
| યે | વ | ણ | લ | હ |
| રી | ળ | વ | ડ | વ |

| | | |
|---|---|---|
| (૧) | સારા પ્રસંગે મારા પાનનાં તોરણ બને છે. | |
| (૨) | હું દરિયાકિનારાનું ઊંચું ઝાડ છું. | |
| (૩) | પક્ષીઓ મારા ટેટા ખાવા આવે છે. | |
| (૪) | સૌથી મોટાં અને લાંબાં મારાં પાન છે. | |
| (૫) | મારો દાતણમાં ઉપયોગ થાય છે. | |
| (૬) | મારા ફળને લીંબોળી કહે છે. | |

| ૭ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો.જોડીના બંને બાળકોમાંથી એક બાળક ‘વૃક્ષ’ બનશે અને બીજું બાળક ‘માણસ’ બનશે. નીચે આપેલ પરિસ્થિતિમાંથી કોઈપણ એક પરિસ્થિતિ પસંદ કરી સંવાદ કરો.

  o વૃક્ષ-માણસ

  (અ) વૃક્ષના કયા-કયા ઉપયોગ છે તે અંગે વૃક્ષ માણસને જણાવે છે.

  (બ) માણસ વૃક્ષને કાપે છે, વૃક્ષ તરીકે માણસને સમજાવો.

| ૮ | **પ્રવૃત્તિ : દિનચર્યા** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- યોગ્ય ક્રમ દર્શાવો.

| | |
|---|---|
| | સંધ્યા સમયે મંદિરમાં આરતી થઈ. |
| | શાળામાંથી છૂટીને રમવા ગયો. |
| | સવારે નાહી-ધોઈ નાસ્તો કરી લેસન કરવા બેઠો. |
| ૧ | વહેલી પરોઢે પંખીઓનો કલરવ સંભળાયો. |
| | શાળામાં પ્રાર્થના સંમેલનમાં બહુજ મજા પડી. |

| ૯ | **પ્રવૃત્તિ : વાક્યરચના** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- કોષ્ટકમાંના શબ્દોને ગોઠવીને ચાર વાક્યો બનાવો. દરેક ભાગમાંથી એક-એક શબ્દ પસંદ કરો.

| ભાગ-૧ | ભાગ-૨ | ભાગ-૩ | ભાગ-૪ |
|---|---|---|---|
| ધવલ | બાજરીનો | ઢીંગલી | ગાય છે. |
| નિલેશનો | મેળામાંથી | જન્મદિવસ | ખરીદી |
| દિશા | આજે | કવિતા | બનાવે છે. |
| દિપાએ | ગુજરાતી | રોટલો | છે. |

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

# તેરમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : શું ગમે?** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. પોતાને શું ગમે છે? 'વહેલા ઊઠવું' કે મોડા ઊઠવું?' બંને કોઈ એક-એકની પસંદગી કરો. પોતાને તે કેમ પસંદ છે તે અંગે સાથી મિત્રને કહો.

| ૨ | **પ્રવૃત્તિ : વિચારો લખો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- તમારા ઘરની નીચેની વસ્તુઓની યાદી કરો અને તેનો આકાર લખો.

દા.ત. પાણીનું માટલું ગોળાકાર

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ઘરની લાદી | | ૨. | હાથરૂમાલ | |
| ૩. | ભાઈની સ્લેટ | | ૪. | મંદિરની ધજા | |
| ૫. | તપેલીનું ઢાંકણ | | ૬. | રમવાનો દડો | |
| ૭. | પાણીનું પીપ | | ૮. | પાણીનો ગ્લાસ | |
| ૯. | નાહવાનો રૂમાલ | | ૧૦. | ગણિતનું પુસ્તક | |
| ૧૧. | કંપાસમાંની ફૂટપટ્ટી | | ૧૨. | તપેલી | |
| ૧૩. | પાણીની બોટલ | | ૧૪. | રોટલો / રોટલી | |
| ૧૫. | બંગડી | | ૧૬. | સાઈકલનું પૈડું | |

| ૩ | **પ્રવૃત્તિ : વિચારો અને કહો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- શિક્ષકે શાળામાંથી સાપુતારા પ્રવાસમાં જવાની વાત કરી. તેમાં શાળામાંથી ૧૪૦ છોકરાઓ અને ૧૩૬ છોકરીઓએ પ્રવાસમાં આવવા નામ નોંધાવ્યાં.

(૧) શાળામાંથી કુલ કેટલા વિદ્યાર્થીઓએ પ્રવાસ માટે નામ નોંધાવ્યાં?

(૨) છોકરા અને છોકરીઓમાં કોની સંખ્યા વધારે છે?

(૩) છોકરાઓની સંખ્યામાં કેટલા ઉમેરીએ તો ૧૫૦ થાય?

(૪) કુલ વિદ્યાર્થીઓની સંખ્યામાં કેટલા ઉમેરવાથી ૩૦૦ થાય?

| ૪ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો,જોડીના બંને બાળકો'મારું શરીર' વિષય પર આપેલ વિગતના આધારે વાતચીત કરશે.
    - o શરીરનાં અંગોનાં નામ
    - o શરીરની કાળજી કેવી રીતે લેવી જોઈએ?
    - o શરીર માંદું ન પડે તે માટે શું કરવું જોઈએ?
    - o કયું અંગ શું કામ કરે છે?

| ૫ | **પ્રવૃત્તિ : લિંગ ઓળખ** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બાળકોને બે-બેની જોડીમાં બેસાડો. આપેલ મહાવરો કરવા કહો.
- શું બોલીશું ? સાચું લાગે ત્યાં ✓ કરો.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | રમેશ આવ્યો. | | રમેશ આવી. | |
| (૨) | રમા આવ્યો. | | રમા આવી. | |
| (૩) | હસમુખ આવ્યો. | | હસમુખ આવી. | |
| (૪) | મહમદ આવ્યો. | | મહમદ આવી. | |
| (૫) | આશા આવ્યો. | | આશા આવી. | |

| ૬ | **પ્રવૃત્તિ : અલગ-અલગ** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બીજાથી અલગ છે તેના પર ○ કરો.

| | |
|---|---|
| (૧) | ગુલાબ, મોગરો, કરેણ, લીમડો |
| (૨) | ગાય, બકરી, ભેંસ, સસલું |
| (૩) | દૂધ, પાણી, છાશ, કેરોસીન |
| (૪) | બસ, ટ્રેન, મોટરગાડી, રિક્ષા |
| (૫) | ચકલી, પોપટ, કાબર, હંસ |

| ૭ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- આ પ્રવૃત્તિ કરવાની હોય તેના અગાઉના દિવસે ઘરના સભ્યો જોડે ચર્ચા કરી માહિતી જાણવી.
- ચાર-ચારનાં જૂથ બનાવો. જૂથમાં 'મારી દિનચર્યા'નું વર્ણન કરો.

| ૮ | **પ્રવૃત્તિ : શબ્દ પરથી ફકરા લેખન** | **તા.** | **સમૂહકાર્ય** |
|---|---|---|---|

- આપેલ શબ્દો પરથી ફકરો બનાવો. ત્રણ-ત્રણના જૂથમાં બેસી વાક્યો નક્કી કરો અને લખો.

વાદળાં, લીલુંછમ, ચોમાસું, નદી-નાળાં-તળાવ, દેડકાં, ગડગડાટ, વીજળી,ચમકારા, વરસાદ, ધરતી-ખેતર,બાળકો, નહાવું, મજામજા

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

| ૯ | **પ્રવૃત્તિ : શોધો અને લખો** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- કોષ્ટકમાંથી ક્રિયાઓ શોધી તેની ફરતે ◯ કરી નીચે લખો.

| | | | | |
|---|---|---|---|---|
| લા | કિ | પૂ | શી | વા |
| નો | વ | છ | અં | બો |
| પ | ડ | વું | ટ | લ |
| જા | વિ | ચા | ર | વું |
| ક | હે | વું | ષી | શ |

ઉદા.કહેવું.

(૧) ____________

(૨) ____________

(૩) ____________

(૪) ____________

(૫) ____________

| ૧૦ | **પ્રવૃત્તિ : શ્રુતલેખન** | **તા.** | વ્યક્તિગત કાર્ય |
|---|---|---|---|

- તમારા શિક્ષક બોલે તે લખો. (ધોરણ – ૩ના પર્યાવરણ પાઠ્યપુસ્તકના પેજ નંબર ૨૪ પરનો ફકરો) : "ઋચન અને ચકુને ........... બાફલો આપ્યો." સુધીનું શ્રુતલેખન કરાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

- ફકરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. કાકાએ કેરીનો બાફલો કોને આપ્યો?

______________________________________________

______________________________________________

૨. ચકુએ કાકાને કેમ ફરિયાદ કરી?

______________________________________________

______________________________________________

## ચૌદમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : પૂછો અને કહો** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. તમારા મિત્ર સાથે વાતચીત કરો.

  (૧) તમે ક્યારે અને કેવી રીતે ઘર શણગારો છો?

  (૨) તમે ક્યારે અને કેવી રીતે શાળા શણગારો છો?

  (૩) તમે ક્યારે અને કેવી રીતે ગામ શણગારો છો?

  પછી વર્ગખંડમાં સૌને વાત કરો.

| ૨ | **પ્રવૃત્તિ : મારો ક્રમ કયો?** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- આપેલા વાક્યો વાંચો. વાર્તા બને તે રીતે વાક્યોને નંબર આપો.

  o આ ગામમાં ઉંદરોનો ત્રાસ હતો.(   )

  o એક નાનકડું ગામ હતું.(   )

  o ગામલોકોએ તેને વિનંતી કરી કે અમારા ગામમાંથી ઉંદર ભગાડી આપો.(   )

  o એક દિવસ એક વાંસળીવાળો માણસ આ ગામમાં આવ્યો.(   )

  o લોકોને ખબર પડી કે આ વાંસળીવાળો ઉંદરોને ભગાડી શકે છે.(   )

  o વાંસળીવાળો કહે કે રૂપિયા પાંચ હજાર થશે.(   )

- તમે વાંચેલાં વાક્યોને ક્રમમાં ગોઠવી સુંદર અક્ષરોમાં લખો.

  (૧) ______________________

  (૨) ______________________

  (૩) ______________________

  (૪) ______________________

  (૫) ______________________

  (૬) ______________________

| ૩ | **પ્રવૃત્તિ : મારી દુકાન** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- શાળા વસ્તુ ભંડારમાં વેચેલ વસ્તુના મળેલ નાણાંનો હિસાબ.

| નામ | મળેલ રૂપિયા | નામ | મળેલ રૂપિયા |
|---|---|---|---|
| સોનલ | ૯૯ | કમલેશ | ૧૮૮ |
| મૌલિક | ૧૨૮ | જોલી | ૧૦૫ |
| રીના | ૧૦૦ | ધવલ | ૧૧૫ |
| સાહિલ | ૧૩૦ | રેહાના | ૧૭૫ |
| શબીના | ૧૬૨ | જનક | ૧૨૭ |

(૧) સોનલ અને રીનાએ મળીને કુલ ________ રૂપિયાનો વેપાર કર્યો છે.

(૨) સૌથી ઓછો વેપાર કોનો થયો છે? ________ કેટલો? ________

(૩) રીના અને રેહાનાનો કુલ કેટલો વેપાર થયો?________

(૪) શબીનાને સાહિલ કરતાં કેટલા રૂપિયા વધારે મળ્યા છે?________

(૫) સૌથી ઓછો વેપાર કોનો થયો છે?________

(૬) રેહાનાના વેપારમાં કેટલા ઉમેરવાથી બે શતક થાય? ________

| ૪ | **પ્રવૃત્તિ : વિચારો અને કહો** તા. | જૂથકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. નીચે જણાવેલ પ્રશ્નો વિશે વિચારો અને એકબીજાને કહો.

(૧) તમે તમારા ઘરને ચોખ્ખું કેવી રીતે રાખો છો?


(૨) તમે તમારા ઘરનો કચરો ક્યાં ફેંકો છો?

(૩) શું તમારા ઘરની આસપાસનો વિસ્તાર ચોખ્ખો છે?

(૪) તમારું ઘર સ્વચ્છ રાખવામાં કોણ-કોણ મદદ કરે છે?

| ૫ | **પ્રવૃત્તિ : ચિત્રવર્ણન** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

● ચિત્ર જોઈને વાક્યો લખો.



(૧) ____________________

(૨) ____________________

(૩) ____________________

(૪) ____________________

(૫) ____________________

(૬) ____________________

(૭) ____________________

| ૬ | **પ્રવૃત્તિ : રસોડાનો રાજા** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

● વિચારો અને લખો.

| વાનગી બનાવવાની રીત | વાનગીનાં નામ | |
|---|---|---|
| શેકીને | ● | ● |
| | ● | ● |
| બાફીને | ● | ● |
| | ● | ● |
| તળીને | ● | ● |
| | ● | ● |

| ૭ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** **જૂથકાર્ય** |
|---|---|

- ચાર કે પાંચના જૂથમાં મળીને શોધી કાઢો કે 'દોરી'ના વધુમાં વધુ કેટલા ઉપયોગ થઈ શકે છે? નવા-નવા ઉપયોગો બનાવો. પછી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

| ૮ | **પ્રવૃત્તિ : ફકરાપૂર્તિ** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- ફકરો વાંચો. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.

<u>શબ્દો :</u> (ધોયા, પાણી, ઠાલવ્યાં, આવી, જાય, આવે, આપીશ, હતો.)

<u>ફકરો :</u> આજે બા સીમમાં ગઈ હતી. સીમમાંથી મજાનાં જાંબું લઈ ________ જાંબુંનો રંગ એવો તો મજાનો .________! બાએ થાળીમાં જાંબું ________ ચોખ્ખાં પાણીથી જાંબું ________ પછી જાળવીને પાણી નિતારી કાઢ્યું. બાએ વિચાર્યું હશે કે વાળુ કર્યા પછી છોકરાને જાંબું ________ પણ આવાં સરસ જાંબું જોઈને વિનુને તો મોંમાં ________ આવ્યું. પણ કરે શું? બા આપે ત્યારે જ ખવાય ને? એટલે વિનુતો ઘરમાં________ જાંબું જુએ અને પાછો બહાર ________

| ૯ | **પ્રવૃત્તિ : સ્વતંત્રલેખન** **તા.** **વ્યક્તિગતકાર્ય** |
|---|---|

- 'મારાં દાદીમા' વિશે છ-સાત વાક્યો લખો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## પંદરમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. જોડીના બંને બાળકોમાંથી એક બાળક 'બાળક' બનશે અને બીજું બાળક 'ભગવાન' બનશે. નીચે આપેલ પરિસ્થિતિમાંથી કોઈપણ એક પરિસ્થિતિ પસંદ કરી સંવાદ કરો.
  - o બાળક - ભગવાન

    (અ) બાળકને સપનામાં ભગવાન આવે છે અને બંને વાતો કરે છે.

    (બ) ભગવાન શાળામાં આવે છે અને બાળકને શાળા માટે કંઈક માંગવાનું કહે છે.

| ૨ | **પ્રવૃત્તિ : શ્રુતલેખન** **તા.** | **વ્યક્તિગતકાર્ય** |
|---|---|---|

- તમારા શિક્ષક બોલે તે લખો. (ધોરણ – ૩ના પર્યાવરણ પાઠ્યપુસ્તકના પેજ નંબર ૩૨ પરનો ફકરો : ‘‘આપણું ઘર ........... વાતો કરીએ.’’ સુધીનું શ્રુતલેખન કરાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

- ફકરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

  ૧. આપણી પ્રથમ શાળા કોને કહેલ છે?

  ______________________________________________

  ______________________________________________

  ૨. આપણે સૌથી વધુ ક્યાંથી શીખીએ છીએ?






  ______________________________________________

  ______________________________________________

| ૩ | **પ્રવૃત્તિ : કેટલા વાગ્યા?** **તા.** |
|---|---|

**પ્રકાર :વ્યક્તિગતકાર્ય**

- મયંકના લીટી દોરેલ કામના સમયને ઘડિયાળમાં દર્શાવો.
  - o મારું નામ મયંક છે. પપ્પા મને સવારે ૭:૦૦ વાગે જગાડે છે. હું તેમની સાથે ૮:૦૦ વાગ્યા સુધી બગીચામાં ફરું છું અને કસરત કરું છું. ૯:૦૦ વાગે નાહી લઈને નાસ્તો કરું છું. એકાદ કલાક લેસન કરીને ૧૦:૦૦ વાગે થોડુંક જમીને૧૧:૦૦ વાગે નિશાળે પહોંચી જાઉં છું.

|  |  |  |  |  |
|---|---|---|---|---|
| પપ્પા જગાડે છે. | બગીચામાં | નાસ્તો કરે છે. | જમવાનું | નિશાળે પહોંચે |

| ૪ | **પ્રવૃત્તિ : વિચારો અને કહો** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- બે-બેની જોડી બનાવો જોડીના બંને બાળકો 'રસોડું' વિષય પર આપેલ વિગતના આધારે વાતચીત કરશે.
  - o રસોડામાં કઈ-કઈ વસ્તુઓ હોય છે?
  - o તમારે ઘેર રસોડામાં કઈ-કઈ વાનગીઓ બનાવાય છે?
  - o તમે જાણતાં હો તેવી કઈ વાનગીઓ રસોડામાં બનતી નથી?
  - o રસોડાનું કામ કોણ-કોણ કરે છે?
  - o તમે રસોઈમાં મમ્મીને મદદ કરો છો? કેવી રીતે?

| ૫ | **પ્રવૃત્તિ : ભાષાશુદ્ધિ** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- બાળકોને બે-બેની પેરમાં બેસાડીને આ મહાવરો કરવા કહેવું.

વાક્યમાં ખૂટતો અક્ષર લખો. (નો, ની, નું, ના)



સસલું ખૂબ સુંદર છે.
મને સસલું ગમે છે.

(૧) સસલા ___________ રંગ સફેદ છે.
(૨) સસલા ___________ આંખ ગોળ છે.
(૩) સસલા ___________ કાન લાંબા છે.
(૪) સસલા ___________ પેટ પોચું છે.
(૫) સસલા ___________ પૂંછડી નાની છે.

| ૬ | **પ્રવૃત્તિ : પક્ષીપરિચય** તા. | જૂથકાર્ય |
|---|---|---|

- પર્યાવરણ પુસ્તકના પાના નં. ૧ ઉપર આપેલો ફકરો (પૂનમ ઘરે હતી … કાગડાનું જ લાગતું હતું.) વાંચીને આપેલ સૂચના મુજબ સ્વાધ્યાય કરો.
  - o નીચેના સવાલ પર ચર્ચા કરો. જવાબ તૈયાર કરો.
    - (૧) પૂનમ ઘરે હતી કે શાળામાં ? શા માટે ?
    - (૨) પૂનમના મમ્મીએ પૂનમને 'ખાટલા પર સૂઈ જા' એમ કેમ કહ્યું?
    - (૩) પૂનમ શા માટે કંટાળી ગઈ હતી?
    - (૪) પૂનમના ચહેરા પર શું પડ્યું?
    - (૫) પૂનમને 'ચરક કાગડાનું જ છે' એમ શા માટે લાગ્યું હશે?
  - o પર્યાવરણના પાના નંબર-૦૧ પર આપેલ ચિત્ર જુઓ અને જવાબ લખો.
    - (૧) ચિત્રમાં દેખાતાં પ્રાણીનાં નામ : ________________________________
    - (૨) ચિત્રમાં દેખાતાં પક્ષીનાં નામ : ________________________________
  - o તમારા ઘરના આંગણામાં કે નજીકમાં આવેલ વૃક્ષ પર કયાં-કયાં પક્ષીઓ આવે છે? યાદી બનાવો.__________, __________, __________, __________, __________

| 7 | **પ્રવૃત્તિ : વિચારો અને લખો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- ૧ લિટર = ૧૦૦૦ મિલિલીટર ના આધારે જવાબ આપો.
  - (૧) ૩ લિટરની એક ડોલ છે. ૩૦ લિટરની મોટી ડોલ ભરવા માટે આવી કેટલી ડોલ પાણી જોઈએ? __________
  - (૨) ૧ લિટર = ૧૦૦૦ મિલિલીટર છે તો $\frac{1}{2}$(અડધો) લિટર = _________ મિલિલીટર.
  - (૩) વર્ગના એક વિદ્યાર્થીને ૨૦૦ મિલિલીટર દૂધ મળે છે. તો આવાં ૧૦ વિદ્યાર્થીઓને આપવા કેટલા દૂધની જરૂર પડે? __________
  - (૪) ૪ લિટર દૂધમાંથી દરેક વિદ્યાર્થીને ૧૦૦ મિલિલીટર પ્રમાણે વહેંચતાં કેટલાં વિદ્યાર્થીને દૂધ આપી શકાય? __________
  - (૫) લિટર અને મિલિલીટરમાં માપી શકાતાં હોય તેવાં ત્રણ પ્રવાહીનાં નામ લખો.

    દા.ત. : પાણી

    (૧)_________(૨)_________(૩)_________

| ૮ | **પ્રવૃત્તિ : ધમાચકડી** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- કાવ્ય વાંચો, ખાલી જગ્યામાં શું આવશે? - શબ્દ શોધીને મૂકો.

શબ્દો : (પાછળ, દડબડ, ઉંદરભાઈ, ધમાચકડી, મીનીબાઈ, પકડમ પકડી)

મિયાંઉ મિયાંઉ ____________________

ચૂં ચૂં કરતા ____________________

એક દિવસ ભૈ, એવું થયું, એવું થયું.

છાનામાના આવ્યા મીનીબાઈ

જોઈને છુપાયા. ____________________

છલાંગ લગાવી ઝટપટ,

ઉંદરભાઈ દોડ્યા ____________________

ઉંદરભાઈતો દોડે આગળ,

મીનીબાઈ તો તેની ____________________

દોડમદોડી____________________

મચી ગઈ ભૈ ____________________

હવે, આગળ શું થયું હશે? વિચારો, વાતચીત કરો, વર્ગને કહો.

| ૯ | **પ્રવૃત્તિ : અંતાક્ષરી** **તા.** **જોડીકાર્ય** |
|---|---|

- કોષ્ટકમાંથી અર્થપૂર્ણ શબ્દો શોધી ◯ કરો અને શબ્દસાંકળ આગળ વધારો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉં | ડું | ગ | ર | ડું | ત |
| દ | ડો | રો | મ | લો | કો |
| ર | લો | ર | ત | પે | લી |
| ડો | રી | ટ | ત | શી | મ |
| શી | ર | મ | ક | ડું | ડો |
| લી | શી | રો | ટ | લો | શું |

ઉંદર→રમકડું ________→________→________→________

→________→________→________→________

## સોળમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. પોતાને શું ગમે છે? ‘ઘરે જમવું’ કે ‘હોટલમાં જમવું?’ બંને કોઈ એક-એકની પસંદગી કરો. પોતાને તે કેમ પસંદ છે તે અંગે સાથી મિત્રને કહો.

| ૨ | **પ્રવૃત્તિ : ખાલી જગ્યા પૂરો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) ચૂં ચૂં કરતા .......... મામા. (ઉદર, ઉંદર)







(૨) કપડાં ..........દરમાં પેસી જાય. (કાતળી, કાતરી)

(૩) લાવે રોજ ..........ચણા (ધાણી, ઘાણી)

(૪) બકરીનું બચ્ચું .......... (લવારું, બોકડું)

| 3 | **પ્રવૃત્તિ : કેટલા વાગ્યે?** **તા.** | **વ્યક્તિગત કાર્ય** |
|---|---|---|

- વાંચો અને મયંકના લીટી દોરેલા કામને કાંટા દોરીને ઘડિયાળમાં દર્શાવો.
- મયંક ૨:૦૦ વાગે રિસેસમાં બાગમાં ઝાડ નીચે બેસી મિત્રો સાથે રમત રમે છે.૫:૦૦ વાગે શાળામાંથી છૂટીને ૫:૩૦ વાગે ઘેર આવે છે.૬:૦૦ વાગે રમવા જાય છે.૭:૦૦ વાગે રમીને ઘરે આવી હાથ-પગ ધોઈ ૮:૦૦ વાગે જમે છે.૮:૩૦ સુધી ટી.વી. જોઈને ૯:૦૦ વાગે દાદા-દાદી પાસે વાર્તા સાંભળે છે. રાત્રે ૧૦:૦૦ વાગે સૂઈ જાય છે.

| | | |
|---|---|---|
|  |  |  |
| રિસેસમાં મિત્રો સાથે | શાળામાંથી છૂટે છે. | ઘરે પહોંચે છે. |
|  |  |  |
| રમીને ઘેર આવે છે. | ટી.વી. જુએ છે. | સૂઈ જાય છે. |

| ૪ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- બે-બેની જોડીમાં એકબીજાને પ્રશ્નો પૂછીને જવાબ મેળવો.

(૧) ઘરમાં રસોઈ બનાવવા કયાં-કયાં વાસણ વપરાય છે?

(૨) આપણે રાંધીને શું ખાઈએ છીએ?

(૩) આપણે કાચું શું ખાઈએ છીએ?

(૪) તળીને ખાઈ શકાય તેવી વાનગી કહો.

(૫) તમારા જોડીદારને શું શું ભાવે છે તે પૂછો.

| ૫ | **પ્રવૃત્તિ : ભાષારચના** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- વાક્યમાં ખૂટતો અક્ષર લખો. (નો, ની, નું, નાં)



પોપટ સીતારામ સીતારામ બોલે છે.
પોપટ મને ગમે છે.

(૧) પોપટ ___________ રંગ લીલો છે.

(૨) પોપટ ___________ ચાંચ લાલ છે.

(૩) પોપટ ___________ પીંછાં સુંદર છે.

(૪) પોપટ ___________ અવાજ મીઠો છે.

(૫) પોપટ ___________ કાંઠલો કાળો છે.

| ૬ | **પ્રવૃત્તિ : વનસ્પતિ પરિચય** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- બાળકોને પર્યાવરણનું પુસ્તક લઈને ત્રણ-ત્રણના જૂથમાં બેસવા કહો. અહીં આપેલ સૂચના મુજબ સ્વાધ્યાય કરવા કહો.
- આ ફકરો વાંચો : પર્યાવરણ પાના નં. ૧૧, ૧૨ વાંચો અને જવાબ લખો. "અમે રવિવારે...છોડ પર બેઠા છો."

(૧) બગીચામાં કોણ-કોણ રમવા ગયું? (સાચા જવાબ સામે ✓ કરો.)

☐ બાળકો ☐ બાળકો, વનપરી ☐ વનપરી, દીદી ☐ દીદી અને બાળકો.

(૨) બગીચામાં બાળકો કઈ રમતો રમ્યા? (સાચા જવાબ સામે ✓ કરો.)

☐ સંતાકૂકડી ☐ અંતાક્ષરી ☐ વનપરી ☐ સંતાકૂકડી અને અંતાક્ષરી

(૩) કોણે કોને સ્પર્શ કર્યો ?

- અમુએ ___________ ને સ્પર્શ કર્યો.
- જાસ્મીને ___________ને સ્પર્શ કર્યો.
- દયારામે ___________ને સ્પર્શ કર્યો.
- માઈકલે ___________ને સ્પર્શ કર્યો.

(૪) તમારી શાળાના મેદાનમાં આવેલા છોડનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| (૧) | | (૪) | |
| (૨) | | (૫) | |
| (૩) | | (૬) | |

| ૭ | **પ્રવૃત્તિ : વાંચો અને કરો** તા. | જૂથકાર્ય |
|---|---|---|

- ગુજરાતીના પુસ્તકના પાના નં. ૨૬ ઉપર આપેલ ફકરો (એક હતો કાગડો ... ''બહુ સારું, ચાલો'') વાંચીને સૂચના મુજબ કરો.
- નીચે આપેલ સવાલ પર ચર્ચા કરો.

(૧) કાગડો અને કાબર કઈ રીતે અલગ પડે છે?
(૨) કાબર મહેનત કરવાની વાત શા માટે કરે છે?
(૩) દાણા સારા થાય એ માટે શું કરવું જોઈએ?
(૪) કોઈની પ્રસિદ્ધ દોસ્તીનું ઉદાહરણ જાણો છો? કહો.

- સારી બાબતો સામે ✓ અને નરસી બાબતો સામે × નિશાની કરો.

(૧) મહેનત કરવી .....
(૨) આરામ જ કરવો .....
(૩) મૈત્રી કરવી .....
(૪) સહયોગ આપવો .....
(૫) બીજાનું ભલું ઈચ્છવું .....
(૬) આગળનું વિચારવું ....

| 8 | **પ્રવૃત્તિ : વિચારો અને લખો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- વાક્ય વાંચો અને (એક શબ્દમાં) જવાબ લખો.

| |
|---|
| હું મારા કાકાને ત્યાં ગાંધીનગર જઈને આવી. |

(૧) ગાંધીનગર કોણ રહે છે? ..........
(૨) ગાંધીનગર જનાર છોકરો હશે કે છોકરી? ..........
(૩) 'હું અત્યારે ગાંધીનગર છું.' આ સાચું કે ખોટું? ..........

| ૯ | **પ્રવૃત્તિ : સ્વતંત્રલેખન** | **તા.** | વ્યક્તિગત કાર્ય |
|---|---|---|---|

- 'મારા પપ્પા' વિશે છ-સાત વાક્યો લખો.

## સત્તરમું અઠવાડિયું

| ૧ | પ્રવૃત્તિ : વાતચીત તા. જોડીકાર્ય |
|---|---|

- બે-બેની જોડી બનાવો અને ઉદાહરણ મુજબના શબ્દો બનાવો.

ઉદા.ક. સ. ડ. – કેસૂડો

(૧) ફ. ગ. ણ. ય. : ______________ (૪) ક. ય. લ. ડ. : ______________

(૨) પ. ચ. ક. ર. : ______________ (૫) વ. સ. ત. : ______________

(૩) અ. બ. લ. : ______________

| ૨ | પ્રવૃત્તિ : સાચું વાક્ય તા. જોડીકાર્ય |
|---|---|

- સાચું વાક્ય ક્યું? ✓ કરો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧) | છોકરો દોડી. | | છોકરો દોડ્યો. | | છોકરો દોડ્યું. | |
| (૨) | છોકરી દોડી. | | છોકરી દોડ્યો. | | છોકરી દોડ્યું. | |
| (૩) | છોકરું દોડી. | | છોકરું દોડ્યો. | | છોકરું દોડ્યું. | |
| (૪) | ઘોડો દોડી. | | ઘોડો દોડ્યો. | | ઘોડો દોડ્યું. | |
| (૫) | ગલૂડિયું દોડી. | | ગલૂડિયુંદોડ્યો. | | ગલૂડિયુંદોડ્યું. | |

| ૩ | પ્રવૃત્તિ : સાચો ભાવ, ખોટો ભાવ તા. જોડીકાર્ય |
|---|---|

| ભાવપત્રક | |
|---|---|
| વસ્તુનું નામ | કિંમત (રૂપિયા) |
| ઘડિયાળ | ૯૦ |
| વીજળીનો બલ્બ | ૨૦ |
| બરણી | ૩૦ |
| હાથીનું રમકડું | ૧૫ |
| કંપાસપેટી | ૫૦ |
| પેન્સિલ નંગ – ૧ | ૦૫ |
| દફતર પેટી | ૧૦૦ |
| ફૂટપટ્ટી | ૧૦ |

- સાચા વિધાન સામે ✓ અને ખોટા વિધાન સામે × કરો.

 (૧) એક ઘડિયાળ અને એક વીજળીનો બલ્બ લેવા માટે ૧૧૦ રૂપિયા આપવા પડે.☐

 (૨) એક દફતર પેટી અને બે પેન્સિલ લેવા માટે ૧૦૫ રૂપિયા આપવા પડે.☐

 (૩) બે નંગ બરણી અને બે હાથીનાં રમકડાં માટે ૭૫ રૂપિયા થાય.☐

 (૪) બે નંગ વીજળીના બલ્બ માટે ૪૦ રૂપિયા થાય.☐

 (૫) એક ઘડિયાળ એક હાથીનું રમકડું અને એક ફૂટપટ્ટી માટે ૧૧૫ રૂપિયા થાય.☐

| ૪ | **પ્રવૃત્તિ : વાતચીત** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- બે-બેની જોડી બનાવો. જોડીનાં બંને બાળકો 'શિક્ષક' વિષય પર આપેલ વિગતના આધારે વાતચીત કરો.

 o તમને કયા શિક્ષક ગમે? શા માટે?


 o તમે શિક્ષક બનો તો શું કરો?

 o તમારા શિક્ષક તમારી શી-શી કાળજી લે છે?

 o તમારી પોતાની ફરિયાદ શિક્ષકને કરવી હોય તો કઈ ફરિયાદ કરો?

| ૫ | **પ્રવૃત્તિ : ભાષારચના** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|---|

- વાક્યમાં ખૂટતો અક્ષર લખો. (નો, ની, નું, ના)



હાથી ધમધમ ચાલે છે.

હાથી મને ગમે છે.

 (૧) હાથી___ રંગ રાખોડી છે.

 (૨) હાથી___ સૂંઢ લાંબી છે.

 (૩) હાથી___ દાંત સફેદ છે.

 (૪) હાથી___ પેટ વિશાળ છે.

 (૫) હાથી___ કાન સૂપડા જેવા છે.

| ૬ | **પ્રવૃત્તિ : વનસ્પતિપરિચય** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|---|

- ફકરો વાંચો : પર્યાવરણ પાના નં. ૧૩ પર આપેલો ફકરો વાંચો . "દયારામે કહ્યું, .... દીદીએ કવિતા ગાઈ."

 (૧) આ ફકરામાં પાંદડાનાં કયાં-કયાં લક્ષણોની ચર્ચા થઈ છે?(સાચા જવાબ સામે ✓ કરો.)

 ☐ગોળ અને લાંબાં ☐લાંબાં અને ચોરસ

 ☐ગોળ, લાંબાં અને ત્રિકોણાકાર ☐ત્રિકોણાકાર

(૨) પાંદડા વિશેની ચર્ચા કોણ-કોણ કરે છે? (સાચા જવાબ સામે ✓ કરો.)

☐ અમુ ☐ અમુ અને દયારામ

☐ અમુ, શબનમ અને દયારામ ☐ શબનમ અને દયારામ

(૩) પાંદડાનાં કયા-કયા લક્ષણોની ચર્ચા કરવામાં આવી છે? (સાચા જવાબ સામે ✓ કરો.)

☐ રંગ ☐ કિનાર ☐ કદ ☐ આકાર

(૪) આપેલ વાક્યો સાચાં બને તે રીતે ખોટો શબ્દ છેકી નાખો.

- લીમડાનાં પાન **ગોળ / લાંબાં** હોય છે.
- ગુલાબના પાનની કિનાર **કરવત જેવી / સીધી** હોય છે.
- વડનું પાન **ત્રિકોણાકાર / ગોળ** હોય છે.

| ૭ | **પ્રવૃત્તિ : ધારો કે... તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- વર્ગનાં બે જૂથ બનાવવાં. એક જૂથ <u>ભણવાની કોઈ એક વસ્તુ</u> (પેન્સિલ, રબર, સંચો, નોટબુક, ચોક, સ્કેચપેન, બોલપેન, કાળુંપાટિયું)નું નામ ધારશે. બીજા જૂથના સભ્યો કઈ વસ્તુનું નામ ધાર્યું છે, તે જાણવા માટે નીચે જણાવેલ પ્રશ્નો પૂછી તેના આધારે અનુમાનથી જવાબ આપશે.

પ્રશ્નો.

(૧) કેટલા અક્ષર છે?

(૨) શું કામમાં આવે?

(૩) રંગ કેવો છે?

(૪) અંદાજિત કિંમત કેટલી છે?

(૫) આકાર કેવો છે?

(૬) ઉપયોગ મોટા ભાગે કોણ કરે?

(૭) કેવી રીતે ઉપયોગમાં લેવાય?

(૮) વાપરવામાં શું ધ્યાન રાખવું પડે?

(૯) કદ કેટલું છે?

(૧૦) અંદાજિત વજન કેટલું છે?

| ૮ | **પ્રવૃત્તિ : વાંચો અને લખો તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- વાક્ય વાંચો અને (એક શબ્દમાં) જવાબ લખો.

| સાબરમતીનું પાણી ખળખળ વહે છે. |
|---|

(૧) સાબરમતીમાં પાણી છે? હા કે ના?____

(૨) પાણી કઈ રીતે વહે છે?____

(૩) સાબરમતી શાનું નામ છે? ____

| ૯ | **પ્રવૃત્તિ : શબ્દશોધ** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- વિભાગ-૧ અને વિભાગ-૨માંથી વિરુદ્ધાર્થી શબ્દોની જોડ શોધી ◯ કરો અને લખો.

| વિભાગ-૧ | | | | |
|---|---|---|---|---|
| ગો | વ | દી | કું | ઊ |
| પ | હે | લું | જી | ત |
| વિ | લું | આ | શૈ | ર |
| પા | કું | ઈ | ખું | વું |
| નુ | ક | સા | ન | ર |

| વિભાગ-૨ | | | | |
|---|---|---|---|---|
| અ | ત્રિ | લું | ચ | શું |
| મૌ | ડ | ને | ઢ | કા |
| ડું | મો | ધું | વું | ચું |
| ફા | ય | દો | છે | બૈ |
| ટી | રો | નિ | ગં | લ્લું |

ઉદા. આખું × અડધું

(૧) ____________________

(૨) ____________________

(૩) ____________________

(૪) ____________________

(૫) ____________________

## અઢારમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : વાતચીત** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. પોતાને શું ગમે છે? ‘હોજમાં નહાવું’ કે ‘વરસાદમાં નહાવું?’ બંને કોઈ એક-એકની પસંદગી કરો. પોતાને તે કેમ પસંદ છે તે અંગે સાથી મિત્રને કહો.

| ૨ | **પ્રવૃત્તિ : વાંચો અને કહો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- વાક્ય વાંચો અને સાચા જવાબ પાસે ✓ની નિશાની કરો.

કડિયાકામ કરતો રમેશ નાસ્તો કરીને ચાની દુકાને પહોંચ્યો.

(૧) રમેશે નાસ્તો ક્યાં કર્યો હશે?

(અ) ઘરે ☐ (બ) ચાની દુકાને ☐

(૨) રમેશ શું કામ કરે છે?

(અ) ચાની દુકાન ☐ (બ) કડિયાકામ ☐

(૩) રમેશ ચાની દુકાને ક્યારે પહોંચ્યો?

(અ) ચા પીતાં પહેલાં ☐ (બ) ચા પીધા પછી ☐

| ૩ | **પ્રવૃત્તિ : લાંબું કોણ? ટૂંકું કોણ?** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.


| | |
|---|---|
| પાટલો | (૧) ખાટલો અને ઓરડો બંનેમાં શું લાંબું છે? ______ |
| ઓરડો | (૨) રસોડું અને બાથરૂમમાં શું ટૂંકું છે? ______ |
| બાથરૂમ | (૩) ‘શાળાનું મેદાન’ અને ‘ખેતર’માં શું લાંબું છે? ______ |
| રસોડું | (૪) ખેતર કરતાં શું વધારે લાંબું છે ?______ |
| મકાનનું ધાબું | (૫) સૌથી વધારે શું લાંબું છે? ______ |
| શાળાનું મેદાન | (૬) સૌથી વધારે ટૂંકું શું છે?______ |
| ઘરની બાજુમાંનું ખેતર | |
| બાજુના ગામ જવાનો ડામર રોડ | |

| ૪ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- સામાન્ય રીતે આપણે પ્યાલો પાણી પીવાના કામમાં જ વાપરીએ છીએ, પરંતુ તમે જૂથમાં વાતચીત કરીને, વિચાર કરીને, નવા આઈડિયા લગાડીને શોધી કાઢો કે પ્યાલાને બીજાં કયાં-કયાં કામ માટે વાપરી શકાય?
- નવા નવા ઉપયોગો બનાવો પછી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

| ૫ | **પ્રવૃત્તિ : ભાષાશુદ્ધિ** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- વાક્યમાં ખૂટતો અક્ષર લખો. (નો, ની, નું, ના, નાં))



મોર તા.. તા.. થૈ..થૈ..નાચે છે.

મોર મને ગમે છે.

(૧) મોર___ માથે કલગી છે.

(૨) મોર___ટહુકો મીઠો છે.

(૩) મોર___ ડોકનો રંગ નીલો છે.

(૪) મોર___ પીંછાં રંગબેરંગી છે.

(૫) મોર___ પીંછું સુંદર છે.

| ૬ | **પ્રવૃત્તિ : જુદાં પાડો** **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ટોપલાના નામ પ્રમાણે આપેલી ચીજોને લખો.

ગાજર, મૂળો, કેળાં, ડુંગળી, ગુલાબ, મરચાં,


બટાટા, સફરજન, રીંગણ, આદુ, જાંબુ, તૂરિયા,

બોર, જાસૂદ, દાડમ, કરેણ, ટામેટા, મોગરો,

વાલોળ, સીતાફળ, ગલકું, શિંગોડા, કેરી, દૂધી,

ભીંડો, ટેટી, જામફળ, કોબીજ, કમળ, સરગવો,

મધુમાલતી, તડબૂચ, ફુલાવર




**૭ | પ્રવૃત્તિ : વાતચીત તા. જૂથકાર્ય**

- બે-બે બાળકોની જોડી બનાવો. દરેક બાળક નીચે જણાવેલ પ્રશ્નોના જવાબ અરસ-પરસ આપશે.

(૧) ઘરમાં તમે પીવાનું પાણી ક્યાંથી મેળવો છો?

(૨) તમારે પાણી મેળવવા ક્યાં જવું પડે છે?

(૩) પાણી લાવવા માટે કેટલો સમય લાગે છે?

(૪) આપણે પાણી એકઠું કરવાની જરૂર કેમ છે?

(૫) તમારા ઘરમાં પાણી શામાં ભરી રાખો છો?

(૬) પીવાનું અને વાસણ-કપડાં ધોવાનું પાણી કયાં-ક્યાં ભરો છો?

**૮ | પ્રવૃત્તિ : વિચારો અને લખો તા. જોડીકાર્ય**

- વાક્ય વાંચો અને (એક શબ્દમાં) જવાબ લખો.

| મારી બા સાથે મારા બે મિત્રો અક્ષર અને નજમા હતાં. |
|---|

(૧) અહીં કુલ કેટલા લોકોની વાત છે? ___________

(૨) અક્ષરઅને નજમા કોની સાથે હતાં? ___________

(૩) અક્ષર અને નજમા કોણ છે? ___________

(૪) ‘બા’ની સાથે હું છું? હા કે ના? ___________

| ૯ | **પ્રવૃત્તિ : શબ્દશોધ** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- કોષ્ટકમાંથી ક્રિયાઓ શોધી તેની ફરતે ☐ કરી નીચે લખો.

| | | | | |
|---|---|---|---|---|
| પ | ખિ | બે | તા | ચા |
| જૈ | હોં | ટો | સ | લ |
| વું | એ | સ | હી | વું |
| બ | ના | વ | વું | ઋ |
| આ | પ | વું | ક્ષ | જ |

ઉદા.જવું

(૧) ____________

(૨) ____________

(૩) ____________

(૪) ____________

(૫) ____________

# ઓગણીસમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : મારી પસંદ** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. પોતાને શું ગમે છે? ‘ચિત્ર દોરવું’ કે ‘ગીત ગાવું’? બંને કોઈ એક-એકની પસંદગી કરો. પોતાને તે કેમ પસંદ છે તે અંગે સાથી મિત્રને કહો.

| ૨ | **પ્રવૃત્તિ : લિંગઓળખ** તા. | જૂથકાર્ય |
|---|---|---|

- બાળકોને ત્રણ-ત્રણના જૂથમાં બેસાડો, આપેલ મહાવરો કરવા કહો.
- કઈ રીતે બોલાય? સાચું લાગે ત્યાં ✓ કરો.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | મેં સફરજન ખાધું. | | મેં સફરજન ખાધી. | |
| (૨) | સોનલે લાડવો ખાધો. | | સોનલે લાડવો ખાધી. | |
| (૩) | શબાનાએ શાક ખાધી. | | શબાનાએ શાક ખાધું. | |
| (૪) | દિપાલીએ ટામેટું ખાધો. | | દિપાલીએ ટામેટું ખાધું. | |
| (૫) | દિવ્યેશે ચોકલેટ ખાધું. | | દિવ્યેશે ચોકલેટ ખાધી. | |
| (૬) | મેં રોટલી ખાધી. | | મેં રોટલી ખાધો. | |
| (૭) | મેં રોટલો ખાધો. | | મેં રોટલો ખાધું. | |
| (૮) | મેં કેરી ખાધી. | | મેં કેરી ખાધું. | |
| (૯) | મેં જાંબું ખાધો. | | મેં જાંબુ ખાધું. | |
| (૧૦) | તેણે ખીચડી ખાધી. | | તેણે ખીચડી ખાધો. | |

| ૩ | **પ્રવૃત્તિ : કેલેન્ડર** તા. | સમૂહકાર્ય |
|---|---|---|

| ઑગસ્ટ – ૨૦૧૯ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |

- ઑગસ્ટ માસના કેલેન્ડરના આધારે જવાબ આપો.

(૧) આ માસમાં કેટલા રવિવાર આવે છે? ________

(૨) રવિવાર કઈ-કઈ તારીખે આવે છે તે લખો. ______________________________

(૩) ૯મી તારીખે કયો વાર છે? આ વાર બીજી કઈ તારીખે આવે છે?

______________________________________________________________

(૪) ઑગસ્ટ માસમાં ગુરુવાર કુલ કેટલીવાર આવે છે? ________

(૫) આ માસની ૧લી તારીખ કયા વારે આવે છે?________

(૬) છેલ્લી તારીખ કઈ છે? ________તે કયા વારે આવે છે?________

(૭) આ માસમાં ૧લો મંગળવાર કઈ તારીખે છે? ________

(૮) છેલ્લો શુક્રવાર કઈ તારીખે છે? ________

(૯) કયા વાર પાંચ વખત આવે છે? ________, ________, ________

| ૪ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- ચાર કે પાંચના જૂથમાં મળીને શોધી કાઢો કે 'માપપટ્ટી' વસ્તુના વધુમાં વધુ કેટલા ઉપયોગ થઈ શકે છે? નવા-નવા ઉપયોગો બનાવો. પછી વર્ગ સમક્ષ રજૂઆત કરો.

| ૫ | **પ્રવૃત્તિ : વાંચો અને કહો** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- પાઠ્યપુસ્તક (ગુજરાતી)ના પાના નં. ૧૨ ઉપર આપેલ ફકરો "શંકર અને ઉમિયાને ...એમને ન ફાવે" વાંચી જણાવ્યા મુજબ કરો.
- નીચે આપેલ સવાલ પર ચર્ચા કરો.

(૧) ગણેશને દોડવાનું કે કૂદવાનું કેમ ફાવતું નહોતું?

(૨) ગણેશ અને કાર્તિકેય વચ્ચે શો તફાવત હતો?

- નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.

(૧) 'મહાદેવ' માટે અહીં ________ શબ્દ વાપર્યો છે.

(૨) 'પાર્વતી' માટે અહીં ________ શબ્દ વાપર્યો છે.

(૩) ગણેશને અહીં ________ કહ્યા છે.

(૪) ઉમિયા કાર્તિકેયની ________ છે.

(૫) ગણેશ શંકરના ________ છે.

(૬) કાર્તિકેય ગણેશના ________ છે.

(૭) 'મોટી ફાંદવાળા' એમ કહેવા અહીં કયો શબ્દ વાપર્યો છે? ________

(૮) ગણેશને કેવા કહ્યા છે?

ગણેશ________, ________, ________, ________,

| ૬ | **પ્રવૃત્તિ : વિચારો અને કહો** **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- ઘર, શાળા કે અન્ય જગ્યાએ તમે જોયેલી તથા વાપરતાં હોવ તેવી ચીજોની યાદી બનાવો.
- એ વસ્તુ શામાંથી બનેલી છે. તે જણાવો. – તેનો ઉપયોગ જણાવો.

ઉદાહરણ : ખાટલો

લોખંડ કે લાકડામાંથી બને છે. તે સૂવા તથા બેસવાના કામમાં આવે છે.

આ પ્રમાણે નીચેની ચીજો વિશે જણાવો અને લખો.

- o માટલું : ________________
- o ગાદલું : ________________
- o રોટલી : ________________
- o ખટારો : ________________
- o બરફ : .________________

| ૭ | **પ્રવૃત્તિ : વાતચીત** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. જોડીનાં બંને બાળકો 'મારી શાળા' વિષય પર આપેલ વિગતના આધારે વાતચીત કરો.
  - o શાળામાં કોણ-કોણ છે?
  - o શાળામાં શું ભણાવાય છે?
  - o શિક્ષક કેવી રીતે ભણાવે છે?
  - o શાળામાં મળતી સગવડો.
  - o શાળામાં મિત્રો સાથે થતી વાતચીત.

| ૬ | **પ્રવૃત્તિ : અવલોકન** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- પર્યાવરણ પાઠ-૧૨ : આપણાં કામ - આ પાઠના પાના નં. ૮૦ અને ૮૧ પરનું ચિત્ર જોઈને પૂછેલા પ્રશ્નોના જવાબ આપો.

(૧) ચિત્રમાં કયાં-કયાં પ્રાણીઓ દેખાય છે?

(૧)________(૨)________(૩)________(૪)________

(૨) સ્કૂટર કોણ ચલાવે છે? ________

(૩) શાકભાજી – ફળોની લારીવાળા ભાઈને કોણ મદદ કરી રહ્યું છે? ________

(૪) આવતાં – જતાં વાહનોને કોણ રોકી રહ્યું છે? ________

(૫) ચાની દુકાન પર કીટલી વડે ચા કોણ આપી રહ્યું છે? ________

(૬) દવાખાના આગળ કોણ જઈ રહ્યું છે? ________

(૭) સાઈકલ કોણ ચલાવી રહ્યું છે?________

(૮) તમારા ગામમાં કયાં-કયાં વાહનો જોવા મળે છે? ત્રણ વાહનોનાં નામ જણાવો.

(૧)________(૨)________(૩)________

| ૯ | **પ્રવૃત્તિ : શબ્દ શોધ** **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- વિભાગ-૧ અને વિભાગ-રમાંથી વિરુદ્ધાર્થી શબ્દોની જોડ શોધી ☐ કરો અને લખો.

| વિભાગ-૧ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| તા | નું | કે | મ | ન | હા | ક્ષ |
| જું | ખો | ઈ | હે | જા | જી | કી |
| જો | વી | ટું | ન | શી | રું | ક |
| આ | ગ | ળ | તુ | ઘ | ર | જો |
| શા | ગો | વિ | ના | નો | વિ | સુ |
| લી | ઊં | ટી | ગા | ખી | નું | ખી |
| સો | ચા | ળી | કુ | મ | ડા | હ્યો |

| વિભાગ-૨ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ટી | વી | દૂ | પ્ર | ત્ય | ગાં | ડો |
| શ | હે | ર | ળ | જી | ની | ચુ |
| હો | વા | દુઃ | ખી | લો | ચા | નિ |
| સ | મો | ખા | આ | કં | ન | રા |
| પા | આં | ટો | ળુ | ળ | જ્ઞા | શા |
| છ | ત | નો | દુઃ | ની | સુ | વું |
| ળ | વા | સી | લે | ખ | રું | રો |

(૧) ________×________

(૨) ________×________

(૩) ________×________

(૪) ________×________

(૫) ________×________

(૬) ________×________

(૭) ________×________

(૮) ________×________

(૯) ________×________

(૧૦) ________×________

## વીસમું અઠવાડિયું

| ૧ | **પ્રવૃત્તિ : વાતચીત** તા. | જૂથકાર્ય |
|---|---|---|

- ચાર કે પાંચના જૂથમાં વાતચીત કરીને નક્કી કરો કે તમે 'મમ્મી' હો તો શું-શું કરો? ત્યાર બાદ જૂથમાંથી એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ રજૂઆત કરશે.

| ૨ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. ઉદાહરણ મુજબના શબ્દો લખો.

ઉદાહરણ – બોલવું : બોલે છે. બોલશે, બોલ્યો.

(૧) કહેવું : ________, ________, ________

(૨) પહેરવું : ________, ________, ________

(૩) વિચારવું : ________, ________, ________

(૪) મેળવવું : ________, ________, ________

(૫) બદલવું : ________, ________, ________

| ૩ | **પ્રવૃત્તિ : આંખો બંધ કરીને** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- આંખો બંધ કરીને રમી શકાય તેવી રમતોની સામે 'હા' અને ન રમી શકાય તેવી રમતો સામે 'ના' લખો અને તેનું કારણ જણાવો.

| રમતનું નામ | 'હા' કે 'ના' | શા માટે? |
|---|---|---|
| ૧. આંધળો પાટો. | હા | અનુભવના આધારે. |
| ૨. વસ્તુની સાચી ઓળખ કરવી. દા.ત. લીંબુ, ડુંગળી, સાબુ | | |
| ૩. વાહનની ઓળખ | | |
| ૪. પર્ણને ઓળખવું | | |
| ૫. શાળા કે મંદિરનો ઘંટ | | |
| ૬. ઘેટાં-બકરાંનું ટોળું જાય છે. | | |
| ૭. આ શાક કારેલાંનું છે. | | |
| ૮. આ ફળ દ્રાક્ષ છે. | | |

| ૪ | **પ્રવૃત્તિ : વિચારો અને લખો** **તા.** જોડીકાર્ય |
|---|---|

- સેન્ટ્રલ બસસ્ટેશન અમદાવાદ :સમયપત્રક

| બસનું નામ | ઉપડશે | પહોંચશે |
|---|---|---|
| | કલાક : મિનિટ | કલાક : મિનિટ |
| અમદાવાદ – મોરબી | ૭:૦૦ | ૧૨:૦૦ |
| અમદાવાદ – પાલનપુર | ૭:૩૦ | ૧૦:૩૦ |
| અમદાવાદ – બાવળા | ૭:૦૦ | ૮:૩૦ |
| અમદાવાદ – વડોદરા | ૧૦:૦૦ | ૧૨:૩૦ |
| અમદાવાદ - ગાંધીનગર | ૧૧:૦૦ | ૧૨:૧૫ |

આ સમયપત્રકને આધારે જવાબ આપો.

(૧) અમદાવાદથી ગાંધીનગર સુધી પહોંચતાં બસને ________કલાક લાગે.

(૨) અમદાવાદથી બાવળા જતાં બસને ________કલાક લાગશે.

(૩) અમદાવાદથી પાલનપુર જતાં સુધી બસને ________કલાક લાગશે.

(૪) અમદાવાદથી વડોદરા પહોંચતાં કેટલો સમય લાગશે?________

(૫) અમદાવાદથી સૌથી વધારે સમય કઈ બસને લાગશે? ________ થી ________, આ બસને કુલ કેટલો સમય લાગશે? ________

(૬) મોરબી ૧૨:૦૦ વાગે પહોંચતી બસ અમદાવાદથી કેટલા વાગ્યે ઊપડશે?________

(૭) ગાંધીનગર પહોંચતી બસ અમદાવાદથી કેટલા વાગે ઊપડશે?________

(૮) પાલનપુર જતી બસ પાલનપુર કેટલા વાગે પહોંચશે?________

| ૫ | **પ્રવૃત્તિ : ચાલો, રોટલી બનાવીએ** **તા.** જૂથકાર્ય |
|---|---|

- આ પ્રવૃત્તિ કરવાની હોય તેના અગાઉના દિવસે ઘરના સભ્યો જોડે ચર્ચા કરી માહિતી જાણવી.
- ચાર-ચારનાં જૂથ બનાવો. જૂથમાં 'રોટલી કેવી રીતે બનાવશો?' - તેનું વર્ણન કરો.

| ૬ | **પ્રવૃત્તિ : વાંચો અને લખો**     **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- વાક્ય વાંચો અને એક શબ્દમાં જવાબ લખો.

ઉંદરની વાત સાંભળી સિંહ હસ્યો અને બોલ્યો, "પામર ઉંદર! તું મને શી મદદ કરીશ? ભાગ અહીંથી...

(૧) કોની વાત સાંભળી સિંહ હસ્યો? ________

(૨) સિંહ ઉંદરને કેવો ઉંદર કહે છે?________

(૩) 'પામર ઉંદર' એટલે કેવો ઉંદર? ________ (ગુજરાતીના પાના નં. ૪ પર શબ્દાર્થમાં વાંચીને લખો.)

(૪) સિંહને મદદ કરવાની વાત કોણે કરી હશે? ________

(૫) 'ભાગ અહીંથી ...' એવું કોણ બોલે છે? ________

| ૭ | **પ્રવૃત્તિ : હું કોનું બચ્ચું?**     **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- પ્રાણીઓનાં બચ્ચાને શું કહેવાય? કોષ્ટકમાંથી શોધી તેના પર ◯ કરો અને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પા | લી | ઠી | ગ | કો | તૂ |
| પા | નું | યું | લૂ | બ | રું |
| બૈ | ડો | ભૂ | ડિ | ચો | જી |
| મ | દ | નિ | યું | ળિ | લ |
| ફૂ | વું | રી | ડો | યું | વા |
| વા | છ | ર | ડું | શે | રું |

૧. હાથીનું બચ્ચું : મદનિયું

૨. ગાયનું બચ્ચું : ________

૩. ભેંસનું બચ્ચું :________

૪. બકરીનું બચ્ચું : ________

૫. કૂતરીનું બચ્ચું : ________

૬. બિલાડીનું બચ્ચું : ________

| ૮ | **પ્રવૃત્તિ : વિચારો અને કહો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- બે-બેની જોડી બનાવો. જોડીનાં બંને બાળકો ‘કુંભાર’ વિષય પર આપેલ વિગતના આધારે વાતચીત કરશે.
  - o કુંભાર શું કરે છે?
  - o તમે કુંભારને મળો તો તેને શું-શું પૂછો?
  - o માટીમાંથી કયાં – કયાં વાસણો બને?
  - o કુંભાર વાસણ કેવી રીતે બનાવે છે?
  - o કુંભાર કયા સાધન પર માટીનાં વાસણો બનાવે છે?

| ૯ | **પ્રવૃત્તિ : વાંચો અને લખો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- વાક્ય વાંચો અને એક શબ્દમાં જવાબ લખો.

| |
|---|
| કાર્તિકેય અને ગણેશ, શંકર અને પાર્વતીના દીકરા હતા. |

(૧) કાર્તિકેયના ભાઈનું નામ શું છે? ________

(૨) ગણેશની માતા કોણ છે? ________

(૩) કાર્તિકેય અને ગણેશના પિતા કોણ છે? ________

(૪) ‘સાચું તીર્થ’ પાઠમાં કેટલી વ્યક્તિની વાત છે? ________

| ૧૦ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- વિભાગ-૧ના ઉખાણાનો જવાબ વિભાગ-૨માંથી શોધો અને લખો.

| વિભાગ-૧ | વિભાગ-૨ |
|---|---|
| પાળીતો છું પણ કૂતરો નથી, નકલ કરું છું પણ વાંદરો નથી.________ | ભમરડો |
| તૂમડા જેવું માથું લઈનેધમ-ધમ કરતો જાય, સૂપડા જેવા કાન હલાવી ઊભો-ઊભો નહાય. ________ | પોપટ |
| રમતો-ભમતો, આગળ પાછળ જાય,ફરતાં ફરતાં થીજે ત્યારે ગૂં...ગૂં...ગૂં...ગૂં... થાય. ________ | હાથી |

-: નોંધ :-